# RCCI E-BULLETIN

1ST Edition 2024



## RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY


**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001

**Phone :** 0281-2227400, 2227500 **Fax :** 0281-2230824 **M :** 7383127400

**E-mail :** rajkotchamber@yahoo.co.in **Web :** www.rajkotchamber.com

**:: Follow us ::**

@ChambersRajkot Rajkot Chamber of Commerce & Industry @rajkotchamber

# વર્ષ ૨૦૨૨-૨૦૨૫ માટે
# વરાયેલ હોદ્દેદારશ્રીઓ



વી. પી. વૈષ્ણવ
પ્રમુખ



પાર્થભાઈ ગણાત્રા
ઉપપ્રમુખ



નૌતમભાઈ બારસીયા
માનદ્ મંત્રી

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY
R.C.C.I.
Since 1954



ઉત્સવભાઈ દોશી
માનદ્ સહમંત્રી



વિનોદભાઈ કાછડીયા
ખજાનચી

Marketed & Compiled by :

WEB PULSE ADVERTISING

202, Crystal Complex, Opp. KKV Hall, Nr. Sanskar Complex, 150 Ft. Ring Road, Rajkot.
**Cell :** +91 - 7600027331 | **Web:** www.webpulse.in | **Email :** webpulse20@gmail.com

# વર્ષ ૨૦૨૨–૨૦૨૫ માટે વરાયેલ
# કારોબારી સભ્યશ્રીઓ



અચ્યુતભાઈ જસાણી


અમૃતલાલ ભારદીયા


અનિલભાઈ વણપરીયા


અશોકભાઈ વિરડીયા


બ્રિજેનભાઈ કોટક


દિપકભાઈ પોબારૂ


ગૌરાંગભાઈ ઠક્કર


કલ્પેશભાઈ ડોબરીયા


કુમનલાલ વરસાણી


કુશલભાઈ પોપટ


મનોજભાઈ ઊનડકટ


નરેન્દ્રસિંહ જાડેજા


નિલેશભાઈ ભલાણી


પ્રણવભાઈ ભાલાળા


રાજેશભાઈ જુંજા


સમીરભાઈ વેકરીયા


સત્યેનભાઈ પટેલ


સિધ્ધાર્થભાઈ પોબારૂ


વિનોદભાઈ ગઢીયા


પંકજભાઈ ધમસાણીયા
(કો–ઓપ્ટ સભ્ય)


કિશોરભાઈ વઘાસીયા
(કો–ઓપ્ટ સભ્ય)


નરેશભાઈ શેઠ
(કો–ઓપ્ટ સભ્ય)

R.C.C.I.
RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY
Since 1954

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

## RCCI is Authorised to Issue Non Preferential Certificate of Origin

(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)

## GET COO THROUGH RCCI

- One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : www.coo.dgft.gov.in
- Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.
- Instant and timely service with less waiting period for both manual as well as online COOs.
- E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.
- COO issued by RCCI are accepted by all the countries in the world.
- COO Issued online are QR-coded to authenticity.

:: Registered Office ::

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
**Phone :** 0281-2227400, 2227500 **Fax :** 0281-2230824 **M :** 7383127400
**E-mail :** rajkotchamber@yahoo.co.in **Web :** www.rajkotchamber.com

**:: Follow us ::**

@ChambersRajkot Rajkot Chamber of Commerce & Industry @rajkotchamber

# આધુનિક સુવિધા સજ્જ

# કોન્ફરન્સ હોલ




*કોન્ફરન્સ હોલ ભાડે રાખવાના દર નીચે મુજબ છે.*
*તેમા લાઈટ, પંખા, સફાઈ તેમજ માઈક ચાર્જ સામેલ છે.*

| વિગત | અર્ધો દિવસ | આખો દિવસ |
|---|---|---|
| સમય | ૪ કલાક | ૮ કલાક |
| હોલ બુકિંગના દર : સભ્યો માટે | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અન્ય માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ડિપોઝીટની રકમ | ૭૦૦૦ | ૧૦,૦૦૦ |

- એ.સી. વપરાસ માટેનો ઈલેક્ટ્રીક ચાર્જ યુનિટ દીઠ રૂા.૧૫ છે.
- પ્રોજેકટરનું ભાડુ રૂા.૧૫૦૦(અર્ધા) રૂા.૩૦૦૦(આખા) દિવસ માટે થશે.
- કુલ હિસાબ પર ૧૮% GST અલગથી લેવાશે. (નિયમાનુસાર ફેરફારને પાત્ર)

**વધુ માહિતી માટે**
**ચેમ્બરની એડમીન ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી.**

# પ્રમુખશ્રીની કલમે



**વી. પી. વૈષ્ણવ**
પ્રમુખ

**સ્નેહી સભ્યબંધુઓ,**

આપ સૌને આ ઈ–બુલેટીન મારફત વર્ષ ૨૦૨૪ના નવા વર્ષનાં પ્રારંભે મળતા આનંદની લાગણી અનુભવું છું. આ નવું વર્ષ આપનાં વ્યાપાર–ઉદ્યોગ માટે વૃધ્ધિમય અને પ્રગતિમય બની રહે તથા આપ આપના પરિવારનાં જીવનની દરેક પળ ખુબ આનંદમયી બની રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

આપણી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ૭૦ વર્ષથી રાજકોટમાં પથરાયેલ વેપાર–ઉદ્યોગનાં ઉદ્‌ભવતા પ્રશ્નો અને શહેર વિકાસનાં પ્રશ્નોની કેન્દ્ર–રાજય સરકાર અને તેનાં સંલગ્ન વિભાગો સમક્ષ રજુઆતો કરી તેના નિરાકરણ માટે કાર્યશીલ રહેતી હોય, રાજયની પ્રભાવશાળી મહાજન સંસ્થા તરીકે ઓળખાય છે. જે જાળવી રાખવા અમો કારોબારી સભ્યો સતત પ્રયત્નશીલ રહીએ છીએ. જેમાં આપ સૌનો સાથ–સહકાર પ્રેરણારૂપ બની રહે છે.

મિત્રો, અમો અનેવિધ વેબીનાર–સેમિનાર–પરિસંવાદ–ઓપન હાઉસ વગેરેનું આયોજન કરીએ છીએ. સાથો સાથ વેપાર–ઉદ્યોગનાં પ્રશ્નો જાણવા–સમજવા તેમજ તેની અસરકારક રજુઆતો સબંધકર્તા વિભાગો સમક્ષ કરીએ છીએ. ત્યારે આપનાં ધ્યાન પર વેપાર–ઉદ્યોગ અને શહેરી વિકાસને લગતા કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો તે રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરૂં છું.

અને મિત્રો, રાજકોટ શહેર વેપાર–ઉદ્યોગનું હબ ગણાય છે ત્યારે તેનું પ્રિતિનિધિત્વ કરતી આપણી રાજકોટ ચેમ્બરની સભ્ય સંખ્યા નોંધપાત્ર બને તે માટે આપના પરિચિત એવા વેપાર–ઉદ્યોગકારો ચેમ્બરના સભ્યો ન હોય તો તેઓ સભ્ય તરીકે જોડાય તેવા પ્રયાસ કરી આપણી સંસ્થાને સંગઠીત અને વધુ પ્રભાવશાળી–મજબુત બનાવવામાં સહભાગી બનશો તવી અપેક્ષા સહ વિરમું છું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા બજારમાં રૂા.૧૦ ના સિકકાની લેવડ–દેવડ કરવા તમામ વેપારી વર્ગોને ખાસ અપીલ...

હાલમાં રૂા.૧૦ની નોટની બજારમાં ખુબ જ સોર્ટેજ જોવા મળી રહી છે તેમજ રૂા.૧૦ની રદી નોટોના કારણે શહેરના વેપારી વર્ગોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે આ અછતને દુર કરવા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રૂા.૧૦ના સિકકાનું ચલણ અમલીકરણ કરેલ જ છે. જેથી નાના–મોટા તમામ વેપારી વર્ગને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે.

આમ રાજકોટ–સૌરાષ્ટ્રના તમામ નાના મોટા વેપારીવર્ગમાં રૂા.૧૦ ના સિકકા ન લેવા અને બજારમાં ચાલતા ન હોવાની અફવાઓ ફેલાઈ રહી છે. જેથી ખુબ જ હાલાકી પડી રહી છે. તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા શહેરના તમામ નાના–મોટા વેપારીવર્ગને રૂા.૧૦ ના સિકકાની લેવડ–દેવડ કરવા અને સહકાર આપવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. વધુમાં રૂા.૧૦ સિકકા લેવાનો કોઈપણ બેન્ક ઈન્કાર કરે તો રિઝર્વ બેન્કના નિયમોનું ઉલ્લંઘન થયેલ હોય તેવું માની શકાય તેથી આ બાબતે જો કોઈ બેન્ક ઈન્કાર કરે તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

આમ હાલાની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યામાં રાખી તમામ વેપારીવર્ગો–શાકભાજીવાળા અને કરિયાણા વાળા વિગેરેએ રૂા.૧૦ના સિકકાની લેવડ–દેવડ કરવી તેમજ બજારમાં રૂા.૧૦ના સિકકા ચલણમાં નથી તેવી અફવાઓથી દુર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

## ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના નેતૃત્વ હેઠળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારોએ રાજયના મુખ્યમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ વિવિધ પ્રશ્નો–સુચનોની રજુઆત કરવામાં આવી...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ માટે સરકારશ્રી સમક્ષ અવાર–નવાર રજુઆતો ધ્યાને મુકી હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના નેતૃત્વ હેઠળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા તથા ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે વિવિધ પ્રશ્નો–સુચનોની રજુઆત ધ્યાને મુકેલ હતી.

### (૧) ગુજરાત રાજયના માઈક્રો, સ્મોલ અને મિડીયમ અકમોને કેપીટલ ઈન્વેસ્ટેમેન્ટ સબસીડીની સહાય મર્યાદા વધારવા બાબત.

સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ગુજરાત રાજયના MSME એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાહત પેકેજો–સ્કિમો અમલમાં મુકેલ છે. ગુજરાત રાજયમાં આશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહયા છે. રાજય સરકાર દ્વારા નવી ઔદ્યોગીક નિતી–૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને (૧ કરોડ સુધીના રોકાણકારોને) જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔદ્યોગીક પોલીસીઓમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. વધુમાં અન્ય રાજયોની પોલીસીમાં તેના નિતિ નિયમો મુજબ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની ટકાવારી આપણાં ગુજરાત રાજય કરતા વધુ જણાઈ રહી છે. તો ગુજરાતને જ આવો અન્યા શા માટે ? માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાર્થક કરવા તેમજ ગુજરાતના ઉદ્યોગકારોનો વધુ વિકાસ થાય અને અર્થતંત્રમાં સહભાગી બની શકે તે માટે નવી ઔદ્યોગીક નિતીમાં ફેરફાર કરી ગુજરાત રાજયના તમામ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થાય તેમજ આ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની અપર લીમીટ ૩૦ લાખ સુધી વધારી આપવી.

### (૨) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા અંગે.

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા માટે રાજકોટ ચેમ્બરની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ પણ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩૨ એકર જગ્યા નું સ્માર્ટ સીટી એરીયામાં પ્રોવીઝન કરેલ હોય આપશ્રી આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગને વધું વેગવંતુ બનાવવા અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી યોગ્ય કરશોજી. આ પ્રશ્ન અતી આવશ્યક હોય તાત્કાલીક અસરથી ઘટતું કરવું.

વધુમાં રાજકોટ ખાતે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે સૌરાષ્ટ્રના નજરાણા સમાન હિરાસર ખાતે નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરી રાજકોટ–સૌરાષ્ટ્રની જનતાને અમુલ્ય ભેટ આપેલ છે. ત્યારે હાલનું જે જુનું એરપોર્ટ હિરાસર ખાતે નિર્માણ પામેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ટ્રાન્સફર થઈ ગયેલ છે તો જે જુનાં એરપોર્ટની જગ્યા ખાલી પડેલ છે તે જગ્યા પર કન્વેન્શન સેન્ટર ફાળવવા ખાસ અનુરોધ કરેલ.

**(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા બાબત.**

ગુજરાત રાજય સરકાર દ્વારા 'ગુજરાત લેન્ડગ્રેબિંગ (પ્રોહિબીશન) એકટ–૨૦૨૦' તે તા. ૦૯ ઓકટોબર ૨૦૨૦ નાં રોજથી અમલમાં લઈ આવવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં કયાંય પણ ગેરકાયદેસર રીતે કોઈ જ જમીન, પ્લોટ કે મકાન પર કોઈ વ્યકિત ગેરકાયદેસર કબજો કરે તો તેની સામે સબંધિત કલેકટર કચેરીમાં તે વ્યકિત કે જેની માલિકીની મિલ્કત હોય તે લેન્ડગ્રેબિંગ કાયદાની જોગવાઈ મુજબ ફરિયાદ કરી અને જેથી તેની મિલ્કત પરથી ગેરકાયદેસર કબજો હટાવવા માટે તે કાયદાકીય કાર્યવાહી કરી શકે.

લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈનાં Ultra Wires નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ Special Civil Application No. 2995 of 2021 થી પડકારવામાં આવેલ તે કામનાં પીટીશનર (આરોપીઓને) સામેની કાયદાકીય કાર્યવાહી તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ હતી જેથી કલેકટર તેમજ પોલીસ અધિકારીઓને આગળની કાર્યવાહી કરી શકે નહી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાતનાં અલગ–અલગ જીલ્લાઓમાંથી અનેક પીટીશનરો ધ્વારા તે કાયદાનાં Ultra Wires ચેલેન્જ કરવામાં આવેલ છે જેથી આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાયદા અન્વયેની ફરિયાદ કે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ છે.

નામદાર હાઈકોર્ટ ધ્વારા તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં રોજ સ્ટે કરવામાં આવેલ મેટરનું ન્યાયિક નિરાકરણ આજદિન સુધી થયેલ ન હોય અને ત્યારબાદ આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાર્યવાહી નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્ટે હોય આમ ગુજરાત સરકારે જે શુભ હેતુથી લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈઓ બનાવવામાં આવેલ હોય તેનો લાભ ગુજરાતની જનતાને મળી રહેલ નથી. તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવો.

**(૪) રાજયના નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં લીડીંગ ચેમ્બરોને સાથે રાખી GST સંકલન સમિતિની રચના કરવા અંગે.**

વર્ષ ૨૦૧૭ થી વન નેશન વન ટેક્ષ અંતર્ગત GST કાયદાનું અમલીકરણ કરેલ છે અને દર વર્ષે GST રેવન્યુંની આવકમાં સરકારશ્રીને વધારો થતો જોવા મળે છે. સમગ્ર ગુજરાતે આ GST કાયદાને આવકારેલ છે. GST કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહિને મળતી હોય જેમા દરેક રાજયના નાણામંત્રીશ્રી સભ્ય તરીકે હાજર થતા હોય છે.

આ કાયદાના અમલીકરણથી હજુ પણ ઘણી નાની–મોટી વિસંગતતાઓ રહેલી છે. તેને દુર કરવા રાજયના નાણામંત્રીશ્રીની અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજય GST સંકલન સમિતિની રચના કરવી. ત્યારે સાથેસાથ દરેક જીલ્લા વાઈસ અલગ અલગ પ્રોડકટ હોય તેમજ અલગ અલગ પ્રશ્નો હોય જેના નિરાકરણ માટે આ કમિટિ GST કાઉન્સીલની મિટીંગ પહેલા આશરે ૧૫ દિવસમાં બોલાવવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની લીડીંગ ચેમ્બર ઓફ કોમર્સને પ્રતિનિધિત્વ આપવામાં આવે તો આ સંકલની મિટીંગમાં ગુજરાત રાજયના નાના–મોટા પ્રશ્નોનું અહીથી જ નિરાકરણ લાવી શકાય. માત્ર નિતીવિષયક નિર્ણયો માટે જ નાણામંત્રીશ્રી GST કાઉન્સીલમાં રજુઆત કરે જેથી GST ના તમામ પ્રશ્નોનું સુખદ સમાધાન આવી શકે. તો તાત્કાલીક અસરથી GST સંકલન સમિતિની રચના કરવી.

**(૫) રાજકોટ માટે કાયમી GST એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવા બાબત.**

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ત્રણ શહેરો અમદાવાદ, સુરત અને રાજકોટ માટે બે GST એપેલેટ ટ્રીબ્યુનલ ફાળવેલ છે. પરંતુ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ વિશાળ વેપારી વર્ગને ધ્યાનમાં રાખી રાજકોટ માટે કાયમી એક GST એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવી ખાસ જરૂરી છે.

**(૬)** રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજી સમક્ષ કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા પ્રવર્તમાન ઈન્કમટેક્ષ ૧૯૬૧ના સેકશનના 43B(H) માં સુધારો કરી સરકારશ્રી દ્વારા કેટલાક ફેરફારો કરવામાં આવેલ. જે મુજબ નવી જોગવાઈ અંતર્ગત કોઈપણ ઔદ્યોગીક કે સેવાપ્રદાન કરતા ક્ષેત્રો પાસેથી મેળવેલ પ્રોડકટ અથવા સેવાના યોગ્ય ચુકવણી સબંધે MSMED એકટ મુજબ સ્પષ્ટ જોગવાઈ નિર્ધારીત કરાયેલ છે. જે કિસ્સામાં પેમેન્ટ બાબત સ્પષ્ટ એગ્રીમેન્ટ થયેલ હોય તેમાં ૪૫ દિવસ તથા એગ્રીમેન્ટ થયેલ ન હોય તો ૧૫ દિવસની સમય મર્યાદા નિર્ધારીત કરાયેલ છે. આ જોગવાઈ MSMED એકટના સેકશન ૧૫ અંતર્ગત કરવામાં આવેલ છે. સદર સમય મર્યાદામાં પેમેન્ટ ન થયેલું હોય તો જે તે નાણાંકિય વર્ષમાં નહી ચુકવાયેલ રકમ લેનાર વ્યકિતની આવકમાં ગણવામાં આવશે અને જયારે વાસ્તવીક પેમેન્ટ કરવામાં આવે ત્યારે આ રકમ બાદ મળવાપાત્ર થશે. જેના કારણે વેપાર–ઉદ્યોગકારોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. જેથી સરકારશ્રીએ ઈન્કમટેક્ષ એકટના સેકશન 43B(H) નું પુન:મુલ્યાંકન અને અભ્યાસ કરી નાના ઔદ્યોગીક એકમો તથા સેવા પ્રદાન કરનાર ક્ષેત્રોને પડનારી આર્થિક તથા વ્યવસ્થાકીય પડનારી મુશ્કેલીઓને ધ્યાને લઈ સદર કલોઝના અમલ અંગે ફેર વિચારણા કરવા તથા યોગ્ય નિર્દેશ જારી કરવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરાયેલા વિવિધ પ્રશ્નો અંગે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે.

## રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૪–૨૫ ના કરબોજ વગરના બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા આવકાર...

રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી આનંદ પટેલ સાહેબ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ માટેનું તૈયાર કરાયેલ ડ્રાફટ બજેટમાં સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર દ્વારા ગહન અભ્યાસ, મંથન, સેવા અને જવાબદારી સામે આવકના સ્ત્રોત સહિતના વિવિધ મુદાઓને ધ્યાને લઈ ફેરફાર કરી કરબોજ વગરનું જે બજેટ રજુ કર્યું છે. તેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ આ બજેટને આવકારતા જણાવેલ કે, રાજકોટ દેશના સૌથી વિકસતા મહાનગરોમાં સામેલ થયેલ છે. તેમજ "સ્માર્ટ સીટી" પણ બની રહયું છે અને ઉદ્યોગો પણ ઝડપથી આગળ વધી રહયા છે. આ બજેટમાં રાજકોટના વેપાર–ઉદ્યોગકારો તેમજ જનતાની સુખાકારી તથા વધુ સુવિધાઓ મળવાપાત્ર થાય તેવી અનેક જોગવાઈઓ–નિર્ણયો લીધેલ છે. જેમાં ખાસ કરીને વેરા વધારામાંથી નાબુદી, આજી જીઆઈડીસીને જોડતો નવો બ્રીજ, નવા સાઉથ ઝોનનું નિર્માણ, દિવ્યાંગો અને સિનીયર સિટીઝનોને સીટી બસમાં ફ્રીમાં મુસાફરી, શાળાઓનું નવિનીકરણ, નવા કોમ્યુનીટી હોલનું નિર્માણ, નવી લાઈબ્રેરી, મુખ્ય માર્ગોને વ્હાઈટ ટોપીંગ ટેકનોલોજી વડે ટકાઉ બનાવવા, સોલાર રૂફટોપનો મહતમ ઉપયોગ, વોર્ડ ઓફિસોનું નવિનીકરણ તેમજ રોડ–રસ્તા, આરોગ્ય, પાણી, સ્ટ્રીટ લાઈટ, સફાઈ,

વિગેરે જેવી પ્રાથમીક સુવિધાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આમ રાજકોટ મહાનગરપાલિકાએ વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈ પ્રજાલક્ષી બજેટ આપવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે રાજકોટ શહેરને વધુ વિકાસશીલ બનાવવા આપણે સૌ સાથ સહકાર આપીશું. વધુમાં આજી રીવરફ્રન્ટ પ્રોજેકટ તાત્કાલીક હાથ ઉપર લઈ વ્હેલીતકે પરીપુર્ણ કરવા માટે આશા વ્યકત કરવામાં આવે છે. જેથી રાજકોટની શોભામાં અભિવૃધ્ધિ થશે.

## રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ વર્ષ ૨૦૨૪–૨૫ માટેના બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના સર્વાંગી વિકાસ માની આવકારે છે...

ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ માટેનું આશરે ૩,૩૨,૪૬૫ કરોડ ગુજરાતના ઈતિહાસનું અત્યાર સુધીનું સૌથી મોટુ બજેટ રજુ કરવામાં આવેલ. વર્ષ ૨૦૪૭ વિકસીત ભારત બનાવવાના સંકલ્પને સાર્થક કરવા રાજય સરકાર દ્વારા રજુ કરાયેલ ગુજરાતના બજેટને સર્વાંગી વિકાસ માની રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ગુજરાત રાજયના આ બજેટને આવકારતા જણાવેલ કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવાના પ્રયાસમાં ગુજરાત સહભાગી બની રહયું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન હોય ત્યારે ગુજરાત રાજયએ આ વિકાસલક્ષી બજેટ આપીને તેમાં સુર પુરાવેલ છે.

રાજયના નાણામંત્રીશ્રીએ તેમનું ત્રીજુ અને સૌથી મોટું બજેટ રજુ કરી દરેક ક્ષેત્રને આવરી લઈ દેશના છેવાડાના માનવી સુધી દરેક યોજનાઓનો લાભ મળી રહયો છે. ગુજરાતના વિકાસ દરમાં આસરે ૧૪.૯% નો વધારો થયો છે. તેમજ ગતીશીલ ગુજરાત તરફ ખુબ આગળ વધી રહું છે. વાઈબ્રન્ટ ગુજરાતના સફળ આયોજન થકી ગુજરાતમાં રોકાણ વધવાથી રોજગારીનું પણ વધુ સર્જન થશે.

આમ બજેટમાં સરકારે આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને સહકાર, ઉદ્યોગ અને ખાણ, સોલાર, કલાઈમેન્ટ ચેન્જ, વન અને પર્યાવારણ, મહેસુલ, કાયદા, નિર્મલ ગુજરાત, પ્રવાસન, અન્ન અને નાગરીક પુરવઠા, શહેરી અને ગ્રામિણ વિકાસ, પાણી પુરવઠા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, માર્ગ અને મકાન તેમજ શ્રમ અને કૌશલ્ય માટે કરોડો રૂપિયા ફાળવેલ છે. રાજકોટ–ભાવનગર હાઈસ્પીડ કોરીડોર બનાવવાની પણ જાહેરાત કરેલ છેં. ખાસ કરીને ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે આશરે ૯૨૨૮ કરોડ ફાળવ્યા છે તે આવકારદાયક છે તેનાથી ગુજરાતના તમામ નાના–મોટા ઉદ્યોગકારોને સારૂ એવું બુસ્ટ મળશે સાથો સાથ સરકાર દ્વારા સ્પેસ સેકટર પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ બજેટ માં કરવેરામાં કોઈપણ ફેરફાર ન કરી રાજયના સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગલક્ષી, ગ્રામ્યલક્ષી, ખેડુતલક્ષી, અને ખાસ કરીને શિક્ષણલક્ષી અને આરોગ્યલક્ષી કહી શકાય. આ બજેટથી સાર્વત્રીક સ્તરે વિકાસ થશે અને દેશના અર્થતંત્રના વિકાસમાં પણ સહભાગી બની રહેશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય ઈન્ટરીમ બજેટને આવકાર...




કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા વર્ષ ૨૦૨૪ નું છઠ્ઠું ઈન્ટરીમ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે. ૧૦ વર્ષમાં ભારતના અર્થતંત્રમાં વધારો થતો જોવા મળ્યો છે. દેશના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો થયો છે. સરકારની તમામ યોજનાઓ લોકો સુધી પહોંચી રહી છે. રોજગારની તકોમાં વધારો થયો છે. ૨૦૪૭ માં વિકસીત ભારત તરફ આગળ વધી રહયું છે.

આ બજેટને આવકારતાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી.વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા પ્રી–બજેટ માટેનાં સુચનો મોકલવામાં આવેલ હતા. જેમાં ખાસ કરીને MSME ને સેકટરને બુસ્ટ આપવું અને તેના માટે સ્પેશ્યલ પેકેજ જાહેર કરવા જેવી વિવિધ રજુઆત કરવામાં આવેલ હતી. આ ઈન્ટ્રીમ બજેટ થકી MSME ને ફાયદો થશે અને રોજગારીમાં પણ વધારો થશે. દેશના વિકાસનો આધાર ઈન્ફ્રસ્ટ્રકચર ઉપર રહેલ હોય તે માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર કેન્દ્ર સરકારે વધુ ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

આમ બજેટના વિવિધ ખાસ મુદાઓ કે જેમાં બજેટ મહિલા, કિસાનો, પછાત વર્ગ ઉપર ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે, લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન અપાશે, દેશમાં G20 નું સફળ આયોજન થયું, દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવાશે, ગરીબી ઘટી રહી છે, વિવિધ યોજનાઓ થકી ગ્રામ્યનો વિકાસ થઈ રહયો છે, PM કિસાન યોજનાઓ થકી કિસાનોને સીધો લાભ મળી રહયો છે, PM વિશ્વકર્મા યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાથી લાભ, ખેલ જગતમાં ભારત મોખરે રહયું છે, ૭ IIT અને ૭ IIM બનાવવી, PM આવાસનો ૭૦% લાભ મળી રહયો છે, ડિઝીટલ માધ્યમ વધિ રહયું છે, સોલારના માધ્યમથી ૩૦૦ યુનિટ સુધી દર માસે વિજળી મફત થશે, દૂધ ઉત્પાદનમાં ભારત મોખરે રહયું છે, ૩૯૦ યુનિર્વસિટીનું નિર્માણ થશે, લખપતિ દિદિ યોજના થકી મહિલાઓ આત્મનિર્ભર બની છે, PM મત્સ્ય યોજનાથી મત્સ્ય ઉત્પાદનમાં વધારો થશે, ૩ રેલ્વે કોરીડોર શરૂ થશે અને યાત્રા સુવિધાઓમાં વધારો થશે, ઈ–વ્હીકલ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. સાથો સાથ ટેક્ષ કલેકશન ૩ ગણુ વધ્યું છે જે બદલ દેશના કરદાતાઓનો આભાર વ્યકત કરી ડાયરેકટ અને ઈનડાયરેકટ ટેક્ષ માળખામાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી, સ્ટાર્ટઅપ માટે ટેક્ષની છુટ ૧ વર્ષ માટે વધારી છે. આમ જુલાઈ સુધીમાં સંપૂર્ણ બજેટ રજુ કરી ભારતના વિકાસનો રોડમેપ તૈયાર થશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL તથા GETCO ના મેનેજીંગ ડિરેકટરો સાથે મિટીંગ યોજી વિજળીને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના વિવિધ એસોસીએશનોને સાથે રાખી PGVCL મેનેજીંગ ડિરેકટરશ્રી એમ.જે દવે સાહેબ, GETCO ના મેનેજીગ ડિરેકટરશ્રી ઉપેન્દ્ર પાંડે સાહેબ, PGVCL ના ચીફ એન્જીનિયરશ્રી લાખાણી સાહેબ, GETCO ના ચીફ એન્જીનિયરશ્રી એન. જે. રાડોઠ સાહેબ, GUVNL ના ડાયરેકટર (ટેક)શ્રી એચ.પી. કોઠારી સાહેબ, અધિક્ષક ઈજનેરશ્રીઓ તથા વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તા.૨૯–૧–૨૦૨૪ ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે મિટીંગ યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનના હોદેદારો તથા અરજદારો હાજર રહયા હતા.

મિટીંગના પ્રારંભે PGVCL ના ચીફ એન્જીનિયરશ્રી લાખાણી સાહેબ દ્વારા સૌને આવકારી PGVCL દ્વારા પુરી પાડવામાં આવતી સવલતો–સ્કિમો તથા આગામી સમયમાં વધુ સારી વિજળીને લગતી સેવાઓ ગ્રાહકો તેમજ ઉદ્યોગકારોને મળી રહે તે અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી પુરી પાડેલ.

GETCO ના મેનેજીગ ડિરેકટરશ્રી ઉપેન્દ્ર પાંડે સાહેબએ રાજકોટ ચેમ્બર તથા વિવિધ એસોસીએશનો સાથે મિટીંગ યોજવા બદલ ખુશી વ્યકત કરી GETCO દ્વારા ગુજરાતના ડિસ્કોમને જે સેવા પુરી પાડવામાં આવે છે તે બાબતે તેમજ GETCO પોતાની કામગીરીને વધુ સુદ્રઢ બનાવી આવનારા વર્ષ ૨૦૩૨ રોડ મેપ અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી પુરી પાડેલ.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાની સાથે રહી તેઓના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. અમારી પાસે વેપાર–ઉદ્યોગકારો, અને આમ જનતાને વીજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં લઈ શહેરના વિવિધ એસોસીએશનોને સાથે રાખીને આજરોજ આ મિટીંગનું આયોજન કરેલ છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ MSME નો વ્યાપ દિન પ્રતિદિન વધી રહયો છે. GETCO ના વર્ષ ૨૦૩૨ રોડ મેપને સાર્થક કરવામાં અમો સૌ ઉદ્યોગકારો સંપુર્ણ સહયોગ આપવા તૈયાર છીએ. પરંતુ ડિપાર્ટમેન્ટ દ્વારા પણ ઉદ્યોગકારોને વધુ સારી સુવિધા મળી રહે તે માટે પ્રયાસ હાથ ધરવા જોઈએ. આ મિટીંગમાં રજુ થનાર મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય તે માટે આશા વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિજળીને લગતા નીચે મુજબ પ્રશ્નો ધ્યાને મુકેલ.

(૧) વિકસતા જતા રાજકોટ શહેરમાં રીંગ રોડ – ૨ ના સરાઉન્ડીંગ એરીયામાં મલ્ટી સ્ટોરી બિલ્ડીંગ, સુખાકારીની સવલતો, અને ઈન્ડસ્ટ્રીયલ ઝોન ખુબજ ઝડપથી વિકસી રહેલ હોય જેમા આશરે 500 MW જેવો લોડ નજીક ભવિષ્યમાં જોડાઈ શકે તેમ હોય માટે વ્હેલાસર 33 KV સીસ્ટમના અમલની શરૂઆત થાય. જેથી મોટા બીલ્ડીંગ પ્રોજેક્ટ, મોટી ઈન્ડસ્ટ્રીઝ અને સુખાકારીના પ્લાન્ટોમાં જગ્યા મળી શકે.

(૨) મોટા ભાગના સબ સ્ટેશન આઉટ સોર્સીંગથી ચાલતા હોવાથી આજુબાજુ વિસ્તારના લોકોનું ન્યુસન્સ પરમીશન વિના સબસ્ટેશનમાં ઘુસીને લાઈન ચાલુ/બંધ કરાવવી જેવી અનઅધિકૃત પ્રક્રિયા થતી હોય જેથી ત્યાં GETCO દ્વારા કાયમી માણસો મૂકી આ એરીયાને પ્રતિબંધીત એરીયા જાહેર થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૩) ડેડીકેશન ઓફ પાવર (DOP) નો વ્યાપ વધારવો જેમ કે 10 MV, 8 MV અને તેથી નીચેના કનેકશનોમાં સર્કલ અને ડિવિઝન કક્ષાએ બધી જ પ્રોસેસ પુર્ણ થતા કામ કરવાની સરળતા રહેશે, કનેકશન આપવામાં ટાઈમ ઘટશે તથા તાત્કાલીક કામ પૂર્ણ થાય.

(૪) Option-2 ના કેસમાં Option-2 એ ઘણીવાર GETCO કે DISCOM દ્વારા કામગીરી ડીલે ના હિસાબે ગ્રાહકો સ્વીકારવા માટે પસંદગી કરતા હોય છે. સાથે સાથે DISCOM દ્વારા ૧૫% સુપરવીઝન ચાર્જ વસુલતા હોય છે. જેમા ફીડરની માલીકીતો DISCOM ની રહેતી હોય છે. તેમ છતા નાના–મોટા ડિસ્પ્યુટમાં ડીસ્કોમ દ્વારા કયારેય જવાબદારી કે મદદરૂપ થતા નથી. જયારે ઓથોરીટી તરીકે ડીસ્ટ્રીક મેજીસ્ટ્રેડ બોર્ડ નીગમ, સરકારી કે અર્ધસરકારીમાં રજૂઆત–ફરીયાદ કે અરજી જેવી પ્રક્રિયાની જવાબદારી સ્વીકારીને મદદરૂપ થયું જોઈએ.

(૫) મોટા ભાગના 66 / 132 KV સબસ્ટેશનમાં લાઈનો ઓવરલોડ હોવી તેમજ સબસ્ટેશન બિલ્ડીંગમાં પેનલ/ફીડર કાઢવામાં જગ્યા ન હોવાથી આ સાથે નીચે જણાવેલ સબ સ્ટેશનોમાંથી પાવર મેળવતા HT તેમજ EHT ગ્રાહકોને સમયસર TFR/કનેકશનના વિલંબ થવાથી ઉદ્યોગકારોને ખુબ જ નુકશાની થઈ રહી છે. તેમજ એકસપોર્ટ અને ભારતના જીડીપી ઉપર અસર થઈ રહી છે.

૫.૧) ઓવરલોડેડ લાઈન વાળા સબસ્ટેશનની વિગત, સૂર્યરામપરા સબસ્ટેશન, કુવાડવા સબસ્ટેશન, બેટી સબસ્ટેશન, સડકપીપળીયા સબસ્ટેશન, ખીરસરા સબસ્ટેશન, GIS મેટોડા સેન્ટ્રલ સબસ્ટેશન.

૫.૨) ખાંભા સબસ્ટશેન, લોધીકા સબસ્ટશેન, બામણબોર સબસ્ટશેનની નવા પેનલ/ફીડરની જગ્યા ન હોવી.

૫.૩) ભરૂડી સબ સ્ટેશન કમ્પલીટ હોવા છતા કોઈ કારણોસર ચાલુ થયું નથી.

૫.૪) રીબડા સબ સ્ટેશનની કામગીરી વિલંબમાં ચાલી રહી છે.

૫.૫) ખિરસરા જીઆઈડીસી ખાતે 66 KVA નું સબ સ્ટેશન ઝડપથી બનાવી આપવું.

(૬) ડિવીઝન / સબ ડિવીઝનમાં રેવન્યુ સર્વે નં. ની દ્રસ્ટીએ સીમાંકન કરવામાં આવેલ હોય જેથી ગ્રાહકોની સાર સંભાળની પ્રક્રિયાઓ ખૂબજ જટીલ મોંઘી અને સમયસર મળી શકતી નથી જે સુધારવું ખૂબજ જરૂરી છે. જેથી બ્રાઉન્ડ્રી એરીયા ફીઝીકલ રોડ, રેલ્વે લાઈન, હાઈવે ડેમના હિસાબે ફીડર ચલાવવા તથા ફેરફાર કરવાની સતા

ડિવીઝન અને સબડિવીઝનને આપવામાં આવે જેથી કારણે ફિડરનું ક્રોસીંગ ઘટશે. અકસ્માતો ઘટશે અને પાવર રિસ્ટોર અને ગ્રાહકોની સમસ્યાનું નિરાકરણ વ્હેલાસર થશે અને DISCOM ને ખર્ચનું ભારણ ઘટશે.

(૭) રાજકોટ આસપાસના એરીયા જેવા કે લોઠડા–પીપલાણા–પડવલા, ખાંભા, રીબડા–રીબ, સડક પિપળીયા, રાવકી, માખાવડ, છાપરા સેલ્ફ ડેવલોપીંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોનને ધ્યાને લઈને નવા સબ સ્ટેશન ઉભા કરવાની જોગવાઈઓ પેહેલેથી કરવી.

(૮) 11 KV ફિડર 4000 KVA સુધી જ મંજુરી આપે છે જેમાં 1250 AMP VCB પેનલ તથા TASCR DOG Conductor Cable ની કેપેસીટી પુરતી હોય તેની કેપેસીટી 5000 KVA સુધી આપવા જોગવાઈ કરવી.

(૯) રાજકોટ આસપાસના દશેક જેટલા સબ સ્ટેશનો માટે આરએમસી, રેલ્વે, સ્માર્ટ સીટી અને સરકારશ્રીમાં ભરવાપાત્ર રકમ ભરપાઈ કરી દિધેલ છે તો આ સબ સ્ટેશનો ૬ માસમાં તાત્કાલીક શરૂ કરવા ભાર મુકવો.

(૧૦) સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારમાં ૬૬/૧૩૨ KV ચાલુ ન થવાના કારણે નવા HT તેમજ EHT ગ્રાહકોનો આશરે 20 MV જેટલી ડિમાન્ડના કનેકશન માટે TFR આપી શકાતી નથી તો આ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવી.

ત્યાર બાદ ઉપસ્થિત શહેરના વિવિધ એસોસીએનોના પ્રતિનિધિઓ દ્વારા પોતાના એરીયાના પ્રશ્નો ધ્યાને મુકેલ અને મિટીંગના અંતે રાજકોટ ઈલેકટ્રીકલ લાઈસન્સ કોન્ટ્રાકટર એસોસીએશનના પ્રમુખશ્રી શિવલાલભાઈ બારસીયાએ આજ રોજ રજુ થયેલ પ્રશ્નોનું તાત્કાલીક નિરાકરણ લાવવા અનુરોધ કરી સૌનો આભાર વ્યકત કરેલ.

## સરકારશ્રી દ્વારા ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ના સેકશન ૪૩બીના કલોઝ H ના અમલ અંગે ફેરવિચારણા કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

પ્રવર્તમાન ઈન્કમટેક્ષ ૧૯૬૧ના સેકશનના ૪૩બી ના કલોઝ H માં સુધારો કરી સરકારશ્રી દ્વારા કેટલાક ફેરફારો કરવામાં આવેલ છે. જે મુજબ નવી જોગવાઈ અંતર્ગત કોઈપણ ઔદ્યોગીક કે સેવાપ્રદાન કરતા ક્ષેત્રો પાસેથી મેળવેલ પ્રોડકટ અથવા સેવાના યોગ્ય ચુકવણી સબંધે MSMED એકટ મુજબ સ્પષ્ટ જોગવાઈ નિર્ધારીત કરાયેલ છે. જે કિસ્સામાં પેમેન્ટ બાબત સ્પષ્ટ એગ્રીમેન્ટ થયેલ હોય તેમાં ૪૫ દિવસ તથા એગ્રીમેન્ટ થયેલ ન હોય તો ૧૫ દિવસની સમય મર્યાદા નિર્ધારીત કરાયેલ છે. આ જોગવાઈ MSMED એકટના સેકશન ૧૫ અંતર્ગત કરવામાં આવેલ છે. સદર સમય મર્યાદામાં પેમેન્ટ ન થયેલું હોય તો જે તે નાણાંકિય વર્ષમાં નહી ચુકવાયેલ રકમ લેનાર વ્યકિતની આવકમાં ગણવામાં આવશે અને જયારે વાસ્તવીક પેમેન્ટ કરવામાં આવે ત્યારે આ રકમ બાદ મળવાપાત્ર થશે.

આ જોગવાઈના અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને મળેલ વિવિધ રજુઆતોનો અભ્યાસ કરી કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી સમક્ષ નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ છે.

(૧) કેટલાક અનિવાર્ય સંજોગો જેવા કે, ગુણવતા વિવાદ, જથ્થાનો વિવાદ, નાણાંકિય અવરોધોના કિસ્સામાં નિર્ધારીત સમય મર્યાદામાં ચુકવણું થઈ શકતું નથી.

(૨) MSMED એકટમાં મોડી ચુકવણીના કિસ્સામાં વ્યાનું પ્રોવીઝન કરવામાં આવેલ છે. આ બન્ને જોગવાઈઓને એકત્રીત કરવાથી એડવાન્સ ટેક્ષની ગણતરી તથા ચુકવણીમાં વધારાનો બોજ પડશે.

(૩) એકમો દ્વારા તેમના કર્મચારીઓને ચુકવવામાં આવતા વેતન–ભથ્થા વિગેરેની ચુકવણીમાં ઘણો બધો વિલંબ થવા પામશે.

(૪) ઉપરોકત સુધારાનો મુળ હેતુ માઈક્રો અને સ્મોલ ઈન્ડસ્ટ્રી તથા સેવા પ્રદાન કરતા ક્ષેત્રોને પોતાનું પેમેન્ટ નિશ્ચિત સમય મર્યાદામાં મળી રહે તે માટે શ્રેષ્ઠ પ્રયત્નોના ભાગરૂપે સદર કલોઝ H ઈન્કમટેક્ષ એકટમાં ઉમેરવામાં આવેલ છે. પરંતુ નાના યુનીટો કે જે ૫૦ અને ૧૦૦ લાખથી નીચેનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતા હોય તેઓની ટેક્ષ જવાબદારીને કારણે અન્ય નાણાંકીય અને વ્યવસ્થાકીય મુશ્કેલીઓ રહેશે.

આમ ઉપરોકત સંજોગોને ઘ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રીએ ઈન્કમટેક્ષ એકટના સેકશન ૪૩બી માં ઉમેરાયેલ કલોઝ H નું પુનઃમુલ્યાંકન અને અભ્યાસ કરી નાના ઔદ્યોગીક એકમો તથા સેવા પ્રદાન કરનાર ક્ષેત્રોને પડનારી આર્થિક તથા વ્યવસ્થાકીય પડનારી મુશ્કેલીઓને ધ્યાને લઈ સદર કલોઝના અમલ અંગે ફેર વિચારણા કરવા તથા યોગ્ય નિર્દેશ જારી કરવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ.

## ભારત સરકારના MSME સેક્રટરીશ્રી સાથે યોજાયેલ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી MSME ને લગતા પ્રશ્નોની રજુઆત કરેલ...



ભારત સરકારના MSME સેક્રેટરીશ્રી એસસીએલ દાસ સાહેબ રાજકોટની મુલાકાતે આવેલ તે દરમ્યાન સરકીટ હાઉસ રાજકોટ ખાતે યોજાયેલ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી MSME ને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ હતી.

(૧) MSME ડિપાર્ટમેન્ટ પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (PMEGP) એપ્લીકેશન હેઠળ દરેક જીલ્લા પ્રમાણે આશરે ૧૪૦ યુનીટનો ફિક્સ ટાર્ગેટ નકિક કરેલ છે. ત્યારે રાજકોટમાં ૩૦ થી ૩૫ હજાર MSME એકમોની મોટી માત્રામાં ઉદ્યમ રજીસ્ટ્રેશન હેઠળ નોંધાયેલ છે. તેમાંથી આશરે ૯૦% MSME માઈક્રો સેગમેન્ટ છે. ત્યારે આ ફિક્સ ટાર્ગેટ ખુબ જ ઓછો હોય તેને વધારી ૫૦૦ યુનિટ સુધી વધારી આપવો.

(૨) સરકાર દ્વારા MSME પોલીસીઓમાં ફેરફાર કે સુધારા વધારા કરવા માટે એક કમિટિની રચના કરવી અને તેમાં લીડીંગ ચેમ્બરને સ્થાન આપવું જેથી કરીને સુચનો જાણીને યોગ્ય નિર્ણય લઈ શકાય.

(૩) વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔદ્યોગીક પ્રદર્શનોમાં ઉદ્યોગકારો તથા નિકાસકારો ભાગ લઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા સહાયની મર્યાદા નકિક કરવામાં આવેલ છે. પરંતુ વર્તમાન પરિસ્થિતી અને સંજોગોને ધ્યાને લેતા આ સહાય મર્યાદાની રકમ તાત્કાલીક વધારવી ખાસ જરૂરી છે.

(૪) મનરેગા હેઠળ સરકાર દ્વારા જે ચુકવણું કરવામાં આવે છે તે જ રકમ જો મનરેગા હેઠળના કામદારોને MSME એકમોમાં કામગીરી સોપવામાં આવે તો લઘુતમ વેતનમાં કોઈ ફેર પડતો નથી અને આ સંપર્ણ વ્યવહાર પારદર્શક હોવાને કારણે કોઈ નાણાંકિય ગેરરીતી થવા પામશે નહી.

(૫) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની ઘણા વર્ષોથી માંગણી પેન્ડીંગ છે. તો આ બાબત ખાસ ધ્યાને લઈને વ્હેલીતકે ફાળવવા જણાવેલ.

(૬) અમદાવાદમાં જે રીતે MSME ભવન કાર્યરત છે તે મુજબ રાજકોટ ખાતે તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવા પણ ઘણા સમયથી માંગણી છે તો તે બાબતે યોગ્ય કરવું.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવેલ રજુઆત અંગે MSME સેક્રેટરીશ્રી એસસીએલ દાસ સાહેબએ હકારાત્મક અભિગમ દાખવી વ્હેલીતકે યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાની સફળ રજુઆત...

## રાજકોટ થી હરિદ્વારા જતી "ઉતરાંચલ એકસપ્રેસ" ટ્રેન હવે પ્લેટફોર્મ નંબર ૩ ઉપરથી ઉપડશે...

સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકોટ શહેરનું રેલ્વે સ્ટેશન સૌથી મોટું ગણાય છે. તેમજ રોજ બરોજ હાજરોની સંખ્યામાં મુસાફરો રેલ્વે સુવિધાઓનો લાભ લેતા હોય છે. ત્યારે રેલ્વે સ્ટેશન પર મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલીઓ ભોગવવી ન પડે અને વધુ સારી સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વે મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ સમક્ષ રજુઆતો કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરવામાં આવે છે.

ત્યારે રાજકોટના જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનં. ૬ (નવો–૪) ઉપર અત્યંત મહત્વની ઉતરાંચલ એકસપ્રેસ જે હરિદ્વાર જતી હોય તે ઉભી રહેતી હતી. ત્યારે આ પ્લેટફોર્મ ઉપર મુસાફરોને કોઈપણ જાતની પ્રાથમીક સુવિધઓ મળ

તી ન હોવાથી મુસાફરોને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડી રહયો હતો. ત્યારે પ્લેટફોર્મનં. ૬ (નવો–૪) ઉપર તમામ સુવિધાઓ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવી અથવા તો ઉતરાંચલ એકસપ્રેસને અન્ય પ્લેટફોર્મ ઉપર સ્ટોપ આપવા રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાની રજુઆતને સફળતા મળેલ છે અને હવેથી રાજકોટ થી હરિદ્વાર જતી "ઉતરાંચલ એકસપ્રેસ" ટ્રેન હવે પ્લેટફોર્મ નંબર ૩ ઉપરથી ઉપડશે. જેથી હરિદ્વાર જતા મુસાફરોને હવે કોઈપણ જાતનો મુશ્કેલીઓનો સામનો કરવો નહિ પડે. તેમજ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા બદલ રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમારનો સહદય આભાર વ્યકત કરવામાં આવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME ને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા–વિચારણા માટે ભારત સરકારના MSME એડિશનલ કમિશનરશ્રીમતી અશ્વિની લાલ મેડમ સાથે મિટીંગ યોજવામાં આવી...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટની મુલાકાતે આવેલ ભારત સરકારના MSME એડિશનલ કમિશનર શ્રીમતી અશ્વિની લાલ મેડમ તથા ઈન્ચાર્જ MSME બ્રાન્ચ DFO રાજકોટ તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી કે. વી. મોરી સાહેબ સાથે MSME ને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ ખાતે એક મહત્વની મિટીંગ યોજવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગના પ્રશ્નોને વાચા આપવા રાજકોટ ચેમ્બર અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે MSME નો પણ વ્યાપ વધે અને તેઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા મિટીંગનું આયોજન કરેલ છે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નીચે મુજબના પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ.**

રાજકોટ–સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ MSME નો વ્યાપ ખુબ જ વધારે હોવાથી તેઓની મહત્વકાંક્ષા પરીપુર્ણ કરવા માટે રાજકોટ ખાતે તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું ખાસ જરૂરી છે. આ પ્રકારનું MSME ભવન અમદાવાદ ખાતે કાર્યરત છે.

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની ઘણા વર્ષોથી માંગણી પેન્ડીંગ છે. તો આ બાબત ખાસ ધ્યાને રાજકોટના NSIC ગ્રાઉન્ડમાં આશરે ૩૨ એકર જગ્યાનું પ્રોવીઝન કરી કનવેન્શન સેન્ટર ફાળવવું.

મનરેગા હેઠળ સરકાર દ્વારા જે ચુકવણું કરવામાં આવે છે તે જ રકમ જો મનરેગા હેઠળના કામદારોને MSME એકમોમાં કામગીરી સોપવામાં આવે તો લઘુતમ વેતનમાં કોઈ ફેર પડતો નથી અને આ સંપર્ણ વ્યવહાર પુર્ણતયા પારદર્શક હોવાને કારણે કોઈ નાણાંકિય ગેરરીતી થવા પામશે નહી.

પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ સ્કિમ (PMEGP) માટે સરકારશ્રી દ્વારા કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવેલ છે તો તે રકમનો વપરાશ ખુબ જ ઓછો થતો હોય તેવું લાગી રહયું છે તેથી આ સ્કિમની MSME એકમોમાં અવરનેશ લાવીને વધુને વધુ લાભ તેઓ મેળવે તેવી વ્યવસ્થા કરવી.
વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔદ્યોગીક પ્રદર્શનોમાં ભારતીય ઉત્પાદકો, વાણિજયીક એકમો તથા નિકાસકારો ભાગ લઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા રૂા.૫ લાખ સુધીની સહાય મર્યાદા નકિક કરવામાં આવેલ છે. પરંતુ વર્તમાન પરિસ્થિતી અને સંજોગોને ધ્યાને લેતા આ સહાય મર્યાદાની રકમ વધારવી ખાસ જરૂરી છે. ત્યાર બાદ ઉપસ્થિત વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ દ્વારા પ્રશ્નો–સુચનો ધ્યાને મુકવામાં આવેલ.

મિટીંગમાં ખાસ ઉપસ્થિત ભારત સરકારના MSME એડિશ્નલ કમિશ્નર શ્રીમતી અશ્વિની લાલ મેડમએ રાજકોટ ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મિટીંગ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાં આવી રહયા છે. ત્યારે MSME એકમોનો વધુ ને વધુ વિકાસ થાય તે માટે અનેક સબસીડી સ્કિમો અમલમાં મુકેલ છે. તો તેનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ. તેમજ દર ત્રણ ત્રણ મહિને MSME ના ડેવલોપ માટે કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો મોકલી આપવા. વધુમાં આજ રોજ જે જે પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવ્યા છે તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્ન કરીશું. સમગ્ર મિટીગનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ આભાર વ્યકત કારોબારી સભ્યશ્રી નરેશભાઈ શેઠએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા BNI Avishkar ની સયુંકત મિટીંગ યોજાયેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા BNI Avishkar ની આજરોજ તા.૨૯–૧૨–૨૦૨૩ ના રોજ રાજકોટ ચેમ્બર હોલ ખાતે સયુંકત મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં BNI Avishkar ના પ્રમુખશ્રી રૂષિ વશા, ઉપપ્રમુખશ્રી સંદિપ તળાવીયા, સપોર્ટ ડાયરેકટરશ્રી મનિષ ડઢાણિયા, એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી કશ્યપ ચોટાઈ ઉપસ્થિત રહેલ. મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ ચેમ્બર તથા BNI Avishkar ની આ પ્રથમ સયુંકત મિટીંગનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ આવનારા દિવસોમાં વધુ ને વધુ સયુંકત મિટીંગ થાય અને બિઝનેશને લગતા વિચાર–વિમર્શોની ચર્ચા કરી શકીએ.




BNI Avishkar ના પ્રમુખશ્રી રૂષિ વશાએ આજની મિટીંગ યોજવામાં બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરી BNI Avishkar ની કામગીરીની સૌને જાણકારી આપી BNI ના આશરે ૧૨ જેટલા ચેપ્ટરો કાર્યરત છે જે અલગ અલગ સેકટરોનું પ્રતિનિધિત્વ કરી રહયું છે. તેમજ પરસ્પર વેપાર–ઉદ્યોગમાં વુધ્ધિ થાય તે માટે સહકાર પુરો પાડવામાં આવી રહયો છે.

રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કરાયેલ સફળ કામગીરીની સંપુર્ણ માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપીને વેપાર–ઉદ્યોગકારોને કોઈપણ પ્રશ્નો કે સુચનો હોય તો ધ્યાને મુકવા અનુરોધ કરેલ. ત્યાર બાદ BNI Avishkar ના એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી કશ્યપ ચોટાઈએ BNI દ્વારા યોજાતા એકઝીબીશનો, ટ્રેનીંગ સેન્ટરો તેમજ દર માસે મળતી મિટીંગો અંગે જાણકારી આપેલ.

મિટીગના અંતે BNI Avishkar ના ઉપસ્થિત મેમ્બરો દ્વારા વન ટુ વન પરિચય આપી પરસ્પર બિઝનેશ ગ્રોથ માટે જયાં પણ સહયોગની જરૂર પડે તે આપવામાં આવશે. તેમજ સમગ્ર મિટીંગનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ આભાર વ્યકત BNI Avishkar ના વૈશાલીબેન પારેખએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફિઓના સયુંકત ઉપક્રમે નિકાસકારો માટે બે દિવસીય "EXPORT BUSINESS" અંગે સર્ટિફિકટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઈન્ડીયન એક્ષપોર્ટ ઓર્ગોનાઈઝેશન, અમદાવાદના સંયુકત ઉપક્રમે તા.૨૧ અને ૨૨–૧૨–૨૦૨૩ ના રોજ બે દિવસીય "EXPORT BUSINESS" અંગે હોટલ સયાજી, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ ખાતે સર્ટિફિકેટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની ઉપસ્થિત રહયા હતા.



પ્રોગ્રામના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખ અને ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી નિકાસકારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.
પ્રોગ્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રાજકોટ જોઈન્ટ DGFT શ્રી રોહિત સોનીએ જણાવેલ સરકાર દ્વારા નિકાસને વધુ ને વધુ વેગ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે તેમજ તે માટે ઘણી સ્કિમો અમલમાં મુકેલ છે. તો તેનો ખાસ લાભ લેવો તથા નિકાસને લગતી કોઈપણ તકલીફ પડે તો DGFT ઓફિસ સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહેશે.

પ્રોગ્રામના મુખ્ય વકતાશ્રી મિહીરભાઈ શાહએ બે દિવસ દરમ્યાન "EXPORT BUSINESS" અંગે વિસ્તૃત માહિતી આપેલ. જેમાં ખાસ કરીને કંપની ફોર્મેશન, IEC રજીસ્ટ્રેશન, RCMC, AD CODE & BANK REGISTRATION, ICEGATE લોગીન તથા ડોકયુમેન્ટસ, ઈન્ટરનેશનલ બાયર કેવી રીતે શોધવા, પ્રોડકટનું સિલેકશન તથા માર્કેટ, વિવિધ ટ્રેડ એગ્રીમેન્ટ, એકઝીબીશન–ટ્રેડ શો તથા ડેલીગેશન, HSN કલાશીફીકેશન, ઈન્કોટર્મ્સ ૨૦૨૦, એક્ષપોર્ટ ઈન્સેન્ટીવ્સ EPCG, Advance Authorisation, DFIA, Duty Drawback, RoDTEP, RoSCTL, Status Holder Certificate, GST Refund on account of Export, Interest Equalisation Scheme, નિકાસને લગતા વિવિધ ડોકયુમેન્ટ, નિકાસ પ્રક્રિયા, સર્ટીફિકેટ ઓફ ઓરીજીન, eBRC વગેરે મુદાઓ પર વિસ્તૃત માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર પાઠવેલ. તેમજ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન ફિઓ, ગુજરાત વેસ્ટર્ન રીજીઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફિઓ, DGFT તથા SBI ના સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઈન્ડીયન એક્ષપોર્ટ ઓર્ગોનાઈઝેશન, અમદાવાદ DGFT રાજકોટ તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના સંયુકત ઉપક્રમે તા.૨૧–૧૨–૨૦૨૩ ના રોજ હોટલ ફર્ન રેસીડેન્સી, કુવાડવા રોડ, રાજકોટ ખાતે નિકાસકારો માટે અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ જેમા નવી ફોરેન ટ્રેડ પોલીસી, કમ્પ્લાયન્સીસ અને એક્ષપોર્ટ ફાઈનાન્સ અંગે માહિતી આપવામાં આવેલ.




પ્રોગ્રામના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સ્વાગત પ્રવચન આપી સૌને આવકારતા જણાવેલ કે નવી ફોરેન ટ્રેડ પોલીસીમાં ઘણા બધા ફેરફારો થયેલા છે. જેનાથી ઘણા નિકાસકારો અજાણ છે તો તેની સંપૂર્ણ માહિતી મળી રહે તેમજ તેઓના નિકાસમાં વધુ ને વધુ વૃધ્ધિ થાય તે માટે અમો હંમેશા સહકાર આપવા તત્પર છીએ. હાલ ડિઝીટીલાઈઝેશન ખૂબ જ ઝડપથી વધી રહયું છે ત્યારે કોઈપણ પ્રશ્નો કે સુચનો હોયતો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા જેથી તેનું યોગ્ય નિરાકરણ લાવી શકાય.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવેલ કે દેશના અર્થતંત્રને મજબુત બનાવવા માટે નિકાસનો મહત્વનો સિંહફાળો રહયો છે. તેમજ ગુજરાત રાજય અગ્રેસર રહયું છે. સરકાર આયાત ઘટાડીને નિકાસ વધુને વધુ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે જેનાથી સરકારશ્રીની નવી પોલીસીઓ અને નિતી નિયમોની સંપૂર્ણ જાણકારી મળી રહે. સાથો સાથ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવામાં સૌ સહભાગી બનીએ અને રાષ્ટ્રીય તથા આંતરાષ્ટ્રીય સ્તરે પોતાનું માર્કેટ વધુને વધુ મજબુત બનાવી ધંધાને વિકસીત બનાવવા અવરનેશ ખૂબ જ જરૂરી છે ત્યારે આ શુભ આશય સાથે આ પ્રોગ્રામ આપ સૌને ખૂબ જ ઉપયોગી બની રહેશે.

ત્યારબાદ SBI ના DGM શ્રી આશુતોષ શર્માએ જણાવેલ કે SBI હર હંમેશ નિકાસકારો – SME યુનીટોને સહકાર આપી રહયું છે. તેમજ SBI ની બે સ્પેશ્યલ SME બ્રાન્ચ પણ કાર્યરત છે. જેમા ઘણી બધી સ્પેશયલ સ્કીમો અમલમાં છે. તેમજ અલગ અલગ કલસ્ટરોને ફાઈનાન્સ કરે છે. અને તેઓ માટે પેકેજો પણ અમલમાં છે. ફોરેન ટ્રેડ માટે પણ અમે પુરો સહયોગ આપીએ છીએ. જેથી કોઈપણ નિકાસકારોને અમારા સહયોગની જરૂરીયાત પડે તો સંપર્ક કરવા અનુરોધ કરેલ. ત્યારબાદ રાજકોટ જોઈન્ટ DGFT શ્રી રોહિત સોનીએ જણાવેલ કે ફોરેન ટ્રેડ પોલીસીમાં ઘણા ફાયદાઓ છે અને તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન થઈ ગયેલ છે. તેમજ ટ્રેડ ફાઈનાન્સ અને લોજીસ્ટીકમાં થોડી મુશ્કેલીઓ પડી રહી છે તો તેનું નિરાકરણ કેવી રીતે થઈ શકે તેની જાણકારી આજના પ્રોગ્રામમાં મળી રહેશે. જેથી કરીને બિલ ડીસ્કાઉન્ટીંગ, પ્રિશીપમેન્ટ, લોન કેવી રીતે મળી શકે વગેરે બાબતોમાં સહાયરૂપ થશે. તેમજ DGFT ઓફિસ પણ સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહેશે.

પ્રોગ્રામના મુખ્ય વકતાશ્રી મિહીરભાઈ શાહએ નવી ફોરેન ટ્રેડ પોલીસીઓમાં જે જે ફેરફારો આવ્યા છે તેની જાણકારી આપતા જણાવેલ કે આ પોલીસી ૧લી એપ્રિલ ૨૦૨૩ માં અમલમાં મુકાયેલ. જેમા ટોટલ ૧૧ ચેપ્ટરનો સમાવેશ થાય છે. આમા ૩ નવા ચેપ્ટરો ઉમેરવામાં આવ્યા છે. જેમ કે Developing District as Export Hubs, Promoting Cross Border Trade in Digital Economy, Special Chemicals, Organisms, Materials, Equipment and Technologies. તેમજ IEC સર્ટીફીકેશન દર નાણાકીય વર્ષે અપડેટ કરવાનું રહેશે. Online e-registration cum membership certifidcate, Status Holder certification/categories, advance authorisation, Ro.DTEP, EPCG, online certificate of origin, Amnesty scheme, E-BRC, Icegate portal registration, Interest Equalisation Scheme on pre and post shipment rupess export credit વગેરે મુદાઓ પર વિસ્તૃત માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી.

ત્યારબાદ અમદાવાદ SBI ટ્રેઝરી હેડ – AGM શ્રી સુનિલ યાદવ દ્વારા Export Finance અંગે માહિતી આપેલ. જેમા Exchange Rate Mechanism, Hedging why & who, Basics of Forward Contract, Hedging Exchange Risk Through Options, Basic options terminology, Export credit-Pre & post shipment, foreign trade mechanism, Foreign currency loan, agri enterprise loan, Rate of Interest, વગેરે મુદાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવેલ. પ્રોગ્રામના અંતે ઉપસ્થીત મહાનુભાવો – નિકાસકારોનો આભાર વ્યકત તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિઓ, ગુજરાત વેસ્ટર્ન રીજીઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ રેલ્વે ડિવીઝન DRUCC ની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ વેસ્ટર્ન રેલ્વેની ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટી કમિટી (DRUCC) ની આજરોજ તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજ મળેલ મિટીંમાં ઉપસ્થિત રહી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ વેસ્ર્ટન રેલ્વે DRUCC-સેક્રેટરી તથા સિનીયર ડિસીએમશ્રી સુનિલકુમાર મિના સાહેબને નીચે મુજબના વિવિધ પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ.

(૧) રેલ્વે મંત્રાલય દ્વારા અમદાવાદથી ઉપડતી વિવિધ ૬ ટ્રેનો (1) Train No.19421/22 Ahmedabad- Patna Exp. (2) Train No.22967/68 Ahmedabad- Prayagraj Exp. (3) train no.19413/14 Ahmedabad - Kolkata Exp. (4) Train No.11049/50 Ahmedabad – Kolhapur Exp. (5) Train No.22137/38 Nagpur – Ahmedabad Exp. (6) Train No.12917/18 Ahmedabad-Hazrat Nizamuddin Gujarat Sampark Kranti Exp. ને રાજકોટ સુધી લંબાવવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. તેમજ રેલ્વેને આ બાબતે કોઈપણ જાતની નુકશાની થતી હોવાથી આ તમામ ૬ ટ્રેનોને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવી.

(૨) ટ્રેનનં.૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રેલ–હાપા વચ્ચે દોડતી દુરન્તો એકસપ્રેસને જામનગર સુધી લંબાવવી.

(૩) ટ્રેનનં.૨૨૯૨૬ જામનગર–અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત એકસપ્રેસ ટ્રેનને ઉધના સુધી લુબાવવા રેલ્વે મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે તો આ જાહેરાતનો વ્હેલીતકે અમલ કરી આ ટ્રેનને ઉધના સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

(૪) રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નંબર ૧ ઉપર જરૂરી વેઈટીંગ લોંજ – ઈન્ડીકેટર તથા જરૂરી તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે. પરંતુ પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ઉપર કોઈપણ પ્રકારની આવશ્યક સુવિધા પુરી પાડવામાં આવતી નથી. જેમ કે લીફટ, એસ્કેલેટર, કોચ ઈન્ડીકેટર, કેટરીગ સ્ટોલ, શેડ, ફુટ ઓવરબ્રીજ વગેરે. જગ્યાની સંકળાશ તથા એક જ સમયે આવક–જાવક થતી ટ્રેનોના સમય દરમ્યાન અત્યંત ટ્રાફિક તથા અસુવિધાઓ અને અસલામતી જોવા મળે છે. તેથી આ બન્ને પ્લેટફોર્મને વહેલામાં વહેલીતકે તમામ સુવિધા યુકત બનાવવા ખાસ જરૂરી છે. ખાસ કરીને ઓખા દેહરાદુન વચ્ચે દોડતી સપ્તાહીક ટ્રેન કે જેમાં મોટા ભાગે સિનીયર સીટીઝનો યાત્રાળુરૂપે હરિદ્વારા ખાતે વધારે મુસાફરી કરતા હોય છે ત્યારે આવા સિનિયર સિટીઝનોને કોઈપણ પ્રકારની સુવિધા ન મળવાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

(૫) ટ્રેનનં.૨૨૯૪૯/૨૨૯૪૦ હાપા–બિલાસપુર વચ્ચે દોડતી સપ્તાહીક સુપરફાસ્ટ એકસપ્રેસ ટ્રેન મોટા ભાગે ખાલી જતી હોય છે. તેમજ મોટા ભાગે વૈષ્ણવ સંપ્રદાયના યાત્રાળુઓ પવિત્ર 'ચંમાપરણ' સ્થળ ખાતે મુસાફરી કરતા હોવાથી તમામ મુસાફરોના હિતને ધ્યાનમાં રાખી આ ટ્રેનને ઓખા સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ઓખા–અયોઘ્યા–ઓખા વાયા મથુરા માટે ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા રેલ્વે મંત્રાલય સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળે તેમજ કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે તેઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા હંમેશા અગ્રેસર રહે છે.

ત્યારે દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઔતીહાસીક મહત્વ ધરાવતા શહેરોની દેશ–વિદેશના લાખો યાત્રીઓ ભાવ અને શ્રધ્ધાપુર્વક મુલાકાત લે છે. પરંતુ આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ રેલ્વે સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે યાત્રીકોને પારાવાર મુશ્કેલી, નાણાંકીય નુકશાન તથા સમયનો વ્યય થતો હોય છે. તેથી યાત્રીઓના વિશાળ સમુહને ધ્યાને લઈ

ઓખા–અયોધ્યા–ઓખા વાયા મથુરા માટે સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન તાત્કાલીક શરૂ કરવા તેમજ સૌરાષ્ટ્રમાંથી હજારોની સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો અને આમજનતાના વિશાળ સમુદાયને ધ્યાનમાં રાખી રાજકોટ–અયોધ્યા માટેની ડાયરેકટ ટ્રેન શરૂ કરવી. વધુમાં રાજકોટ–સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ રાજકોટ થી દેશના અન્ય શહેરોમાં મુસાફરી કરવા માટે રેલ્વે સુવિધાનો મુસાફરો રોજ બરોજ ખુબ જ વધારે લાભ લેતા હોવાથી રાજકોટને વધુમાં વધુ ટ્રેનો ફાળવવા બાબતે કેન્દ્રિય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી તથા રાજકોટ પ્રભારીશ્રી રાઘવજીભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ–અયોધ્યા માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા ઉડ્ડયન મંત્રાલય સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ રાજકોટ–સૌરાષ્ટ્રના લોકો હજારોની સંખ્યમાં દેશના અત્યંત ધાર્મિક સ્થળ અયોધ્યાની મુલાકાત લેતા હોય છે. ત્યારે આગામી જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યા ખાતે મુર્તિ પ્રષ્ઠિાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. ત્યારે સૌરાષ્ટ્રમાંથી મુસાફરોની સંખ્યા ખુબ જ વધવા પામશે.

તેમજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ રાજકોટ–સૌરાષ્ટ્રની જનતાને રાજકોટ ખાતે એક ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટની અમુલ્ય ભેટ આપેલ છે અને ટુંક સમયમાં ઈન્ટરનેશનલ ફલાઈટો પણ શરૂ થનાર છે. ત્યારે આવા અત્યંત ધાર્મિક સ્થળ અયોધ્યા જવા માટે સૌરાષ્ટ્રના મુસાફરોની સુવિધામાં વધારો કરી રાજકોટ–અયોધ્યા માટેની રોજીંદી ફલાઈટ તાત્કાલીક શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીશ્રી જયોતિરાદિત્ય સિંધિયાજી, રાજયના ઉડયનમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી તથા રાજકોટ પ્રભારીશ્રી રાઘવજીભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

## કેરેલા હિન્દું ઈકોનોમી ફોરમના વિવિધ સેકટરના ૩૧ જેટલા વ્યાપારી એકમોના પ્રતિનિધિ મંડળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ...



કેરેલા હિન્દુ ઈકોનોમી ફોરમના ૩૧ જેટલા વિવિધ સેકટરના વ્યાપારી એકમોના પ્રતિનિધિ મંડળો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ. જેમાં બન્ને શહેરો વચ્ચે બિઝનેશ ડેવલોપ થાય તે માટે મિટીંગ યોજવામાં આવેલ. જેમાં હિન્દુ ઈકોનોમી ફોરમના પ્રમુખશ્રી પદમભુષણ તથા ઉપપ્રમુખશ્રીનાથ વિષ્ણુ સહિત ૩૧ જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આ મિટીંગમાં રાજકોટ શહેરના વિવિધ સેકટરના એસોસીએશનોના પ્રતિનિધિઓ સાથે વન ટુ વન મિટીંગ કરાવેલ.

મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું હબ છે અને રાજકોટના ઉદ્યોગકારો પાસે એવી તાકાત છે કે તેઓ ધારે તે પ્રોડકટસનું ઉત્પાદન કરી સમગ્ર વિશ્વમાં સપ્લાય કરી શકે છે. ત્યારે આવનારા દિવસોમાં બિઝનેશને ગ્રોથ આપવા અને બજારમાં ટકી રહેવા માટે દેશના ખુણે ખુણે બિઝનેશ કરવો પડશે. હાલનાં સમયમાં આપણે અન્ય શહેરોમાં ડાયરેકટ માલ સપ્લાય કરવા માટે ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. ત્યારે કેરેલા એવું સ્ટેટ છે કે ત્યાં વેપાર કરવાની વિપુલ તકો રહી છે અને દરેક પ્રોડકટસ આપણે સરળ તાથી સપ્લાય કરી શકીએ. આપણાં ઘર આંગણે કેરેલા સ્ટેટમાંથી વિવિધ સેકટરનું ડેલીગેશન આવેલ છે તો તેઓની સાથે સંપર્ક કરી આપણા બિઝનેશને વધુ ને વધુ વેગ મળે તે શુભ આશય સાથે આ મિટીંગ યોજવામાં આવેલ છે.

લોઠડા–પીપલાણા–પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી જયંતિભાઈ સરધારાએ બન્ને શહેરો વચ્ચે વ્યાપારમાં વૃધ્ધિ થાય અને ડાયરેકટ માલ સપ્લાય થાય તે માટે વિચાર વિમર્શ કરવામાં આવેલ.

ત્યાર બાદ હિન્દું ઈકોનોમી ફોરમના પ્રમુખશ્રી પદમભુષણએ રાજકોટ ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મિટીંગ બદલ સહદય આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે હિન્દુ ઈકોનોમી ફોરમ કેરેલા સ્ટેટમાં આવા ૭૨ જેટલા ફોરમો કાર્યરત છે તેઓને સાથે રાખી અને બિઝનેશને ડેવલોપ કરી શકે તે માટે મદદરૂપ થાય છે. ત્યારે રાજકોટ અને કેરેલા વચ્ચે વ્યાપારમાં વુધ્ધિ થાય તેવી આશા વ્યકત કરેલ અને કેરેલામાં વ્યાપાર કરવા માટે જે કાંઈપણ મદદની જરૂરીયાત પડે તે સંપુર્ણ આપવા તત્પર છે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સંસ્થાની કામગીરીનો ચિતાર આપતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સમગ્ર સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે અને તેઓના પ્રશ્નોને વાચા આપવા માટે સરકારશ્રી તથા વિવિધ વિભાગોમાં રજુઆતો કરી–મિટીંગો કરી તેઓના પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરી રહયું છે. રાજકોટ ચેમ્બરમાં ૨૫૦૦ થી વધારે ડાયરેકટ મેમ્બર છે તેમજ ૧૦૦ વધુ વિવિધ સેકટરના એસોસીએશનો જોડાયેલ છે અને વેપાર–ઉદ્યોગના બિઝનેશને ગ્રોથ આપવા માટે હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે રાજકોટ અને કેરેલા બન્ને શહેરો વચ્ચે વેપારની વધુ તકો ઉભી થાય તે માટે તેમની વિવિધ પ્રોડકટસની જરૂરીયાતને ચેમ્બરના પ્રોર્ટલ પર મુકી એક પ્લેટફોર્મ પુરૂં પાડવામાં આવશે.

ત્યારબાદ મિટીંગમાં કેરેલા હિન્દું ઈકોનોમી ફોરમમાંથી વિવિધ સેકટરમાંથી આવેલ વ્યાપારી એકમોના પ્રતિનિધિઓ દ્વારા વન ટું વન પરિચય આપી કેરેલામાં કઈ કઈ પ્રોડકટસ માટે બિઝનેશની તકો રહેલ છે તેની જાણ કરેલ. જેમાં ખાસ કરીને Agriculture Equipments and drip Irrigation, Kitchen Equipments for Hotel and Food Industires, Kitchenware and Home Equipemnts, Submarcible Pumps and Electric Motors, Aluminum Extrusion and products, Building Hardware, Electrics and Electronics, Pipe Fittings, Ceramic Tiles, Diesel engines and Spares, Medical and Hospital Equipments, Food Products, Furniture Items, CNC Cutting Machines, It Foftware, જેવી વિવિધ પ્રોડકટસની વ્યાપાર માટે તકો રહેલ છે. તેમજ રાજકોટ શહેરમાંથી વિવિધ સેકટરના એસોસીએશનના પ્રતિનિધિઓએ પોતાનો પરિચય આપી રાજકોટમાં બનતી અલગ–અલગ પ્રોડકટસની પણ જાણકારી આપવામાં આવેલ.

સમગ્ર મિટીંગનું સંચાલન અને ઉપસ્થિત કેરેલાના પ્રતિનિધિ મંડળ અને શહેરના વિવિધ એસોસીએશનના પ્રિતિનિધિઓનો મિટીંગમાં ઉપસ્થિત રહેલા બદલ અભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તેમના સભ્યો તથા પરિવારજનો માટે નિ:શુલ્ક નેત્રરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સભ્યો તથા આમજનતાના દરેક પ્રશ્નો માટે હરહંમેશ અગ્રેસર રહેવા ઉપરાંત ચેમ્બરના સભ્યોના સુખાકારી આરોગ્ય માટે પણ કટિબધ્ધ છે. ત્યારે સભ્યોને સંજોગોવશાત જરૂર પડયે યોગ્ય અને સારી સારવાર મળે તે હેતુસર શહેરની નામાંકિત હોસ્પિટલો સાથે MOU કરેલ છે. જેમાં નકિક કરેલ રાહતદરે સારવાર મળી શકે છે.

રાજકોટની પ્રખ્યાત નેત્રદીપ મેકસીવિઝન આઈ હોસ્પિટલનાં સહયોગથી રરાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા **નિ:શુલ્ક નેત્રરોગ નિદાન કેમ્પનું તા.૧–૧૨–૨૦૨૩, શુક્રવાર થી તા.૩૦–૧૨–૨૦૨૩, શનિવાર સુધી સમય : સવારે ૯:૩૦ થી ૧:૦૦ અને બપોરે : ૪:૩૦ થી ૬:૩૦ સુધી સ્થળ : ડો. હેમલ જસાણી, નેત્રદીપ મેકિસવિઝન આઈ હોસ્પિટલ, પીજીવીસીએલ સામે, સુર્યમુખી હનુમાનજી મંદિર પાસે, નાના મૌવા રોડ, રાજકોટ** ખાતે આયોજન કરવામાં આવેલ.

આ કેમ્પમાં ઓટો સ્ફિેકટૌમીટર મશીનમાં તપાસ, આંખની દ્રષ્ટિની તપાસ, નજીકના તથા દુરના નંબરની તપાસ, આંખના આંતરીક ભાગની સ્લીટ લેમ્પ મશીન દ્વારા તપાસ, મોતિયો–ઝામર તથા પડદાની પ્રાથમીક તપાસ તદન નિ:શુલ્ક કરી આપવામાં આવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા તાજેતરમાં માવઠાને કારણે રાજકોટ જીલ્લાના ઉદ્યોગોને થયેલ નુકશાનનું સર્વે કરાવી તાત્કાલીક સહાય ચુકવવા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી તથા ઉદ્યોગમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

સમગ્ર ગુજરાત રાજયમાં તાજેતરમાં અચાનક તોફાની પવન અને બરફના કરા સાથેનો વરસાદ ત્રાટકયો હતો. જેના કારણે ઘણાં જીલ્લાઓમાં નુકશાન થયેલ છે. ત્યારે રાજય સરકારે આ બાબતને ખાસ ગંભીરતા પુર્વકથી ધ્યાને લીધેલ છે. જે આવકારદાયક છે.

પરંતુ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ લાખોની સંખ્યામાં MSME અને મોટા ઉદ્યોગો કાર્યરત છે અને લોકોને રોજી રોટી પુરી પાડી રહયું છે. આ માવઠાને કારણે રાજકોટ જીલ્લાનાં ઉદ્યોગકારોને ભારે ફટકો લાગ્યો છે અને કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે. સરકારશ્રી દ્વારા MSME ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાં આવી રહયાં હોય અને તેઓના વિકાસ માટે સતત ચિંતાશીલ હોય ત્યારે આવા ઉદ્યોગોને આવી કુદરતી આફતને કારણે થયેલ નુકશાની સામે તાત્કાલીક રાહત આપવી ખાસ જરૂરી છે. જેથી કરીને તેઓ ઉપર આર્થિક ભારણ ન પડે અને પોતાનો ધંધો સતત ધમધમતો રહે.

આમ આ માવઠાને કારણે રાજકોટ જીલ્લાનાં ઉદ્યોગકારોને જે નુકશાન થયેલ છે તેનો તાત્કાલીક સર્વે કરાવી અને સહાય ચુકવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા EEPC INDIA ના સયુંકત ઉપક્રમે "OPPORTUNITIES FOR EXPORTS IN NEW MARKETS" અંગે સેમીનાર યોજવામાં આવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા EEPC INDIA (એન્જીનિયરીંગ એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા) ના સયુંકત ઉપક્રમે "OPPORTUNITIES FOR EXPORTS IN NEW MARKETS" અંગે તા.૨૮–૧૧–૨૦૨૩, મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૩૦, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે એક મહત્વના સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ. આ સેમિનારમાં EEPC INDIA ના રીજીઓનલ ડાયરેકટર ડો. રજત શ્રીવાસ્તવ, રાજકોટ ચેપ્ટરના નવા વરાયેલ કન્વીનરશ્રી સમીરભાઈ પટેલ તથા સિનીયર ડેપ્યુટી ડાયરેકટરશ્રી સુધાકરન નાયર ઉપસ્થિત રહેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા માસ દરમ્યાન અલગ–અલગ સેકટરને લગતા સેમિનારો યોજવામાં આવે છે તેનો લાભ ખાસ લેવો. તેમજ વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે રાજકોટ ચેમ્બર હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. ત્યારે કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો અમારા ધ્યાને મુકવી. સરકારશ્રી દ્વારા ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાં આવી રહયા છે અને ધંધાનો વધુ ને વધુ વિકાસ થાય તે માટે ઘણી સ્કિમો–રાહત પેકેજો અમલમાં મુકેલ છે તો તેનો પણ ખાસ લાભ લેવો જોઈએ. દેશના અર્થતંત્રને આગળ ધપાવવામાં નિકાસનો મહત્વનો સિંહફાળો રહયો છે. ત્યારે આવનારા દિવસોમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવા સૌ સહભાગી બનીએ. સાથો સાથ નિકાસ કરવા માટે રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય સ્તરે બજારમાં પોતાનું માર્કેટ કેમ વધારી શકાય અને પોતાના ધંધાને કેમ વિકસીત કરી શકાય તે માટે આજના આ સેમિનારનું આયોજન કરેલ છે જે ખુબ જ ઉપયોગી બની રહેશે.

સેમિનારના ખાસ વકતા EEPC INDIA ના રીજીઓનલ ડાયરેકટર ડો. રજત શ્રીવાસ્તવએ આજનો આ સેમિનારનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરતા જણાવેલ કે નિકાસ દેશની કરોડરજ્જુ સમાન છે. ભારત દેશનું નિકાસ દિન પ્રતિદિન ખુબ જ વધી રહયું છે. દેશની ઈકોનોમી તાજેતરમાં ૪ ટ્રીલીયન ડોલર સુધી પહોંચી ગઈ છે અને ભારત દેશ આજે એક સક્ષમ દેશ તરીકે ઉભરી આવ્યું છે. તેમજ સમગ્ર દેશમાં ગુજરાતનું એક્ષપોર્ટ નંબર ૧ રેન્ક

ઉપર છે. નિકાસ માટેની રાષ્ટ્રિય તથા આંતરાષ્ટ્રિય સ્તરે તકો, ઈન્સેન્ટીવ સ્કિમ, તેમજ વિવિધ ઈન્ટરનેશનલ એક્ઝીબીઝનો થકી નિકાસ માર્કેટ અંગેની માહિતી આપવામાં આવેલ હતી. એન્જીનિયરીંગ નિકાસ માટેના ૪૦ મુખ્ય દેશોનો હિસ્સો આશરે ૮૦% જેટલો છે. જેમાં ખાસ કરીને યુ.એસ.એ. સૌથી મોટું નિકાસ સ્થાન ગણાય છે, જયારે ૮ યુરોપીયન દેશો, સાઉથ ઈસ્ટ એસીયા ના ૫ દેશો, અને આફ્રિકા અને લેટીન અમેરીકાનો સમાવેશ થાય છે. સાથો સાથ EEPC INDIA દ્વારા મળવાપાત્ર નિકાસકારોને બેનેફીટ અંગેની સંપુર્ણ જાણકારી પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર આપેલ.

સમગ્ર સેમિનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ સેમિનારમાં હાજરી આપવા બદલ મહાનુભાવો તથા સભ્યશ્રીઓનો આભાર વ્યકત EEPC INDIA રાજકોટ ચેપ્ટરના નવા વરાયેલ કન્વીનરશ્રી સમીરભાઈ પટેલએ આભાર વ્યકત કરેલ અને સેમીનારને સફળ બનાવવા કારોબારી સભ્યશ્રી અચ્યુતભાઈ જસાણીએ જહેમત ઉઠાવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનં. ૬ ઉપર મુસાફરો માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબત ડિવીઝન રેલ્વે મેનેજરશ્રી સમક્ષ રજુઆત કરાવમાં આવી...



સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકોટ શહેરનું રેલ્વે સ્ટેશન સૌથી મોટું અને ટ્રાફિક રહીત ગણાય છે. તેમજ રોજ બરોજ હાજરોની સંખ્યામાં મુસાફરો રેલ્વે સુવિધાઓનો લાભ લેતા હોય છે. ત્યારે રેલ્વે સ્ટેશન પર મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલીઓ ન ભોગવવી પડે તે પણ ધ્યાને લેવી ખાસ જરૂરી છે.

રાજકોટના જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનં. ૬ ઉપર કોઈપણ જાતની સુવિધાઓ ઉપલબ્ધ નથી માત્ર વચ્ચે એક નાનું એવું છાપરૂ બનાવવામાં આવેલ છે. આ પ્લેટફોર્મ ઉપર અત્યંત મહત્વની અને ટ્રાફિક રહિત ઉતરાંચલ એકસપ્રેસ જે હરિદ્વાર જતી હોય તે ઉભી રહે છે. ત્યારે આવી મહત્વની ટ્રેન આવતી હોય અને ત્યાં મુસાફરોને કોઈપણ જાતની સુવિધઓ મળતી ન હોય જેમ કે, આ પ્લેટફોર્મ ઉપર લીફટ નથી, એસ્કેલેટર નથી, ફુડ શેડ નથી, કોચ ઈન્ડીકેટર નથી, CCTV કેમેરા નથી તેમજ ટોયલેટ જેવી સુવિધાઓ નથી. વધુમાં આ પ્લેટફોર્મ ઉપર મોટા ભાગે સિનીયર સીટીઝનો મુસફારો આવતા હોય તેઓ માટે ગોલ્ફકોર્ટની સગવડતા પણ મળી રહી નથી. જે ખુબ જ આશ્ચર્ય જનક જણાય રહયું છે. જેના કારણે મુસાફરોને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડી રહયો છે.

ત્યારે પ્લેટફોર્મનં. ૬ ઉપર તમામ સુવિધાઓ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવી અથવા તો ઉતરાંચલ એકસપ્રેસને પ્લેટફોર્મનં. ૧ અથવા ૨ ઉપર સ્ટોપ આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. જેથી મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા હરિદ્વાર માટેની ટ્રેન તાત્કાલીક ફાળવવા કેન્દ્રીય રેલ્વે મંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. રાજકોટ સૌરાષ્ટ્રના મુસાફરો ખુબ જ મોટી સંખ્યામાં દેશના અત્યંત ધાર્મિક સ્થળ એવા હરિદ્વાર દર્શને જતા હોય છે. ત્યારે મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતેથી માત્ર અઠવાડીયામાં એક જ ટ્રેન ઉપડે છે. જેના કારણે મુસાફરોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે રાજકોટ ચેમ્બર દ્વારા ઘણા સમયથી હરિદ્વાર માટે નવી ટ્રેન શરૂ કરવા રજુઆત કરવામાં આવી રહી છે.

તાજેતરમાં જ રેલ્વે ડિપાર્ટમેન્ટ દ્વારા વડોદરા–હરિદ્વાર અને વડોદરા–ગોરખપુર (સપ્તાહીક) માટે તહેવાર વિશેષ ટ્રેન શરૂ કરવામાં આવેલ છે. તેથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોની સુવિધામાં વધારો કરી હરિદ્વાર મેઈલને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવી અથવા ભાવનગર થી હરિદ્વાર માટે જે અઠવાડીક ટ્રેન શરૂ થયેલ છે તે વાયા સુરેન્દ્રનગર થઈને જાય છે તો તે ટ્રેન વાયા રાજકોટ થઈને જાય તો રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને હરિદ્વાર માટેની વધુ એક ટ્રેન મળી શકે. જો રેલ્વે ડિપાર્ટમેન્ટ તહેવારોની સિઝનમાં વડોદરા થી નવી ટ્રેન શરૂ કરી શકે છે તો રાજકોટ થી હરિદ્વાર માટે નવી ટ્રેન કેમ શરૂ થઈ શકતી નથી. વધુમાં અમદાવાદ–પુના દુરન્તો ટ્રેનને રાજકોટ સુધી લંબાવવા માટે અગાઉ મંજુરી મળી ગયેલ છે પરંતુ કોઈ કારણોસર હજુ સધી આ ટ્રેન રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. રાજકોટ ઓટોમોબાઈલ્સનું હબ હોય તેમજ પુષ્કળ પ્રમાણમાં આ સ્થળ માટે ટ્રાફિક રહેતો હોવાથી અમદાવાદ–પુના દુરન્તો ટ્રેનને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ કેન્દ્રીય રેલ્વે મંત્રીશ્રીમતી દર્શનાબેન જરદોશ, સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા તથા વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી અશોકકુમાર મિશ્રા સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

# એમ્બેસી ઓફ રીપબ્લીક ઓફ કોરીયા (KOTRA) નું ડેલિગેશન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગના વિકાસને ધ્યાને લઈ તેઓના પ્રશ્નો અને સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. વિદેશ વેપારમાં રાજકોટ શહેર ઘણું મોખરે છે અને રાજકોટ ઈન્ડસ્ટ્રીયલ હબ બન્યુ છે ત્યારે વેપાર–ઉદ્યોગકારોને પોતાના વેપારમાં વધુ વેગ મળે તે માટે એમ્બેસી ઓફ રીપબ્લીક ઓફ કોરીયા(KOTRA)ના ડાયરેકટર જનરલશ્રી સેયુન્કી લી, તથા માર્કેટીંગ પ્રમોશન ઓફિસરશ્રી સંદિપભાઈ જયશ્વાલએ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લિધેલ. આ મુલકાત દરમ્યાન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, માનદ સહમંત્રીશ્રી ઉત્સવભાઈ દોશી અને કારોબારી સભ્યશ્રી અચ્યુતભાઈ જસાણી ઉપસ્થિત રહી રાજકોટ શહેરની વિવિધ સેકટરની ઈન્ડસ્ટ્રીઝ અંગે વિગતવાર જાણકારી આપેલ.

એમ્બેસી ઓફ રીપબ્લીક ઓફ કોરીયાના(KOTRA) ડેલીગેશન દ્વારા રાજકોટ તથા કોરીયા શહેર વચ્ચે પરસ્પર વેપાર વૃધ્ધિમાં વધારો થાય તે માટે ચર્ચા–વિચારણા કરવામાં આવેલ. તેમજ રાજકોટની કંપનીઓને કોરીયા શહેરમાં ઈન્વેસ્ટ કરવા માટે જરૂરી માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા CGST અમદાવાદ ખાતે ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી GST સલંગ્ન વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...

CGST અમદાવાદ ખાતે ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિની મળેલ મિટીંમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી CGST ના પ્રીન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમ સમક્ષ GST સલંગ્ન વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરેલ.

(૧) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાના ત્રણ શહેરો અમદાવાદ, સુરત અને રાજકોટ માટે બે જીએસટી એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવેલ છે. પરંતુ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ વિશાળ વેપારી વર્ગને ધ્યાનમાં રાખી રાજકોટ માટે કાયમી એક જીએસટી એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવી.



(૨) કરદાતાઓ દ્વારા GST રીટર્ન ફાઈલ કરતી વખતે કોઈપણ ભુલ થયેલ હોય તો તેને સુધારવા માટે ONE TIME AMNESTY SCHEME અમલમાં મુકવી.

(૩) GST માં અપીલ ફાઈલ કરતા પહેલા ઉદ્યોગકારોને ૩૦% જેટલી પ્રિ–ડીપોઝીટ ભરવાપાત્ર થાય છે. જે ખુબ જ અસહય છે. તેથી આવી રકમ ૧૦% થી ૧૫% સુધી કરી રાહત આપવી ખાસ જરૂરી છે.

(૪) GIDC માં પ્લોટ ટ્રાન્સફર કરતી વખતે જે GST લગાડવામાં આવે છે તેમાંથી તાત્કાલીક મુકિત આપવી.

(૫) બોગસ બિલીંગ કૌભાંડ આચરનાર ગુન્હાહિત ટેક્ષપેયર્સને કાયદાકીય સજા અને પેનલ્ટી કરવામાં ચેમ્બર હંમેશા સહભાગી બને છે. તેમ છતાં સાચા અને પ્રમાણીક કરદાતાઓને ખોટી હેરાનગતી અને નુકશાની ભોગવવી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

(૬) ફિટમેન્ટ કમિટિમાં SGST ની સાથે CGST ની ટીમને પણ સામેલ કરવી. જેથી કરીને GST અંતર્ગત ઉદભવતા પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ લાવી શકાય. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો–સુચનો અંગે CGST ના પ્રીન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૨–૨૩ ની વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન યોજવામાં આવેલ... જેમાં ચેમ્બરની વાર્ષિક કામગીરીનો અહેવાલ, ઓડિટેડ હિસાબો અને અંદાજપત્રને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના અધ્યક્ષ સ્થાને તા.૩૦–૯–૨૦૨૩ શનિવારના રોજ ચેમ્બરની ૬૮મી વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન યોજવામાં આવેલ. પ્રમુખશ્રીએ સૌ સભ્યોનું હાર્દિક સ્વાગત કરી હાલના ડિઝીટલ માધ્યમને ધ્યાનમાં રાખી તેમજ વધુમાં વધુ સભ્યો જોડાઈ શકે તે શુભ આશયથી આ વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન યોજેલ છે. જેમાં સમયસર કોરમ પુરૂ થઈ જતા એજન્ડા મુજબની કાર્યવાહીનો પ્રારંભ કરવા માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાને જણાવેલ.




ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી વાર્ષિક સામાન્ય સભાની એજન્ડા મુજબની કાર્યવાહી શરૂઆત કરતા સભાનો એજન્ડા તમામ સભ્યોને મોકલી આપેલ હતો જેમાં સમય મર્યાદામાં કોઈપણ સભ્યોની રજુઆત આવેલ નથી. તેની જાણ કરી વર્ષ ૨૦૨૧–૨૨ ની વાર્ષિક સામાન્ય સભાની મિનીટસનું વાંચન કરેલ જે હાજર રહેલ તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ માનદમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન યોજવામાં આવેલ ૧૧૨ જેટલી મિટીંગ–મુલાકાતો, સેમિનારો–વેબીનારો, ઓપન હાઉસ, ૭૫ જેટલી અખબારી યાદીઓ તેમજ ૧૨ કારોબારી સમિતિની મિટીંગ વિગેરે કાર્યવાહીનો અહેવાલ રજુ કરેલ. ઉપરંત રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ સેકટરોમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ કરાયેલ રજુઆતો અને મિટીંગોની જાણ કરેલ. જેની સૌ સભ્યો દ્વારા સહર્ષ નોંધ લેવામાં આવી.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરનાં ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩ ના ઓડિટે હિસાબો રજુ કરેલ અને કુલ ખર્ચ કરતા આવકમાં રૂા.૧૬,૨૭,૪૮૦/– નો વધારો થયેલ છે તે રજુ કરેલ અને ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪ નું અંદાજપત્ર રજુ કરેલ તથા ચાલુ વર્ષ માટે ઓડિટર તરીકે મે. ડી.વી. લાલચંદાણી એન્ડ કંપનીની નિમણુંકને તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદબોધન કરતા ગત વર્ષના ઓડિટેડ હિસાબો તથા અંદાજપત્ર વિગેરેને સર્વાનુમતે મંજુરી આપવા બદલ તમામ સભ્યોનો આભાર વ્યકત કરી સૌ સભ્યોના સાથ અને સહકારથી ચેમ્બરની શાખમાં ખુબ જ વધારો થયેલ છે. તેમજ રાજકોટ ચેમ્બરની કામગીરીથી તમામ સભ્યઓ સંતુષ્ટ છે. ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ સેકટરોને લગતા માર્ગર્શક સેમિનારો યોજવામાં આવે છે. જેનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ. ચેમ્બરના પ્રતિનિધિઓ સકરકારશ્રી દ્વારા યોજાતી દરેક મિટીંગોમાં ઉપસ્થિત રહી વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓ અંગે રજુઆતો કરી મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવેલ છે. તેમજ FICCI ન્યુદિલ્હી, ASSOCHAM, IMC મુંબઈ, GCCI અમદાવાદ વગેરે લીડીંગ સંસ્થાઓમાં રાજકોટ ચેમ્બર પ્રતિનિધિત્વ ધરાવે છે. તો તેમાં પણ આપણે રાજકોટ–સૌરાષ્ટ્રના પ્રશ્નો રજુ કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરીએ છીએ. વેપારીઓને વિશ્વાસ છે કે તેઓના નાના–મોટા પ્રશ્નોમાં ચેમ્બર હેમંશા

સહયોગ આપે છે. તાજેતરમાં જ ચેમ્બર દ્વારા ટ્રાફિક, GIDC, PGVCL ને લગતા પ્રશ્નો નિરાકરણ માટે મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓ સાથે ઓપન હાઉસ યોજી વેપાર–ઉદ્યોગકારો અને આમ પ્રજાના પ્રશ્નો રજુ કરી મહતમ પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ લાવેલ છે. માત્ર નિતિ વિષયક પ્રશ્નો અંગે ચેમ્બર દ્વારા ફોલોઅપ ચાલું જ છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ છે. ત્યારે આવનારા દિવસોમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવા આપણે સૌ સાથ સહકાર આપીશું અને દેશના અર્થતંત્રને મજબુત બનાવીશું.

વધુમાં પ્રમુખશ્રીએ જણાવેલ કે રાજકોટ ચેમ્બરના અથાગ પ્રયત્નોથી રાજકોટને ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ મળ્યું છે. પરંતુ તંત્ર દ્વારા ઉતાવળે જુના એરોપર્ટથી સ્થળાંતર કરી દેવાને કારણે મુસાફરોને પ્રાથમીક સુવિધાઓ મળતી નથી અને મુશ્કેલીઓ પડી રહી હતી તે માટે પણ ચેમ્બર દ્વારા તાત્કાલીકના ધોરણે સરકારશ્રી સમક્ષ રજુઆત કરી નિરાકરણ લાવવા ભાર મુકેલ. તેમજ રાજકોટના વિકાસને વેગવંતુ બનાવવાની સાથે વેપાર–ઉદ્યોગનો પણ ઝડપી વિકાસ થાય તે માટે કન્વેન્શન સેન્ટર તાત્કાલીકના ધોરણે ફાળવવું, ઈમિટેશન પાર્ક, આઈટી પાર્ક, ફુડ પાર્ક, વધુ જીઆઈડીસી ફાળવવા માટે આપણા સઘન પ્રાયસો ચાલું જ છે. તેમજ કોઈપણ વેપાર–ઉદ્યોગકારો કે આમ જનતાને મુશ્કેલી કે પ્રશ્નો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવી જેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું. રાજકોટ ચેમ્બરનું નામ કાયમી ધોરણે આગળ રહે તે માટે આપણે સૌ સાથે મળી પ્રયાસ કરીશું.

એજન્ડા પ્રમાણે તમામ કાર્યવાહી પુર્ણ થતા રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌ સભ્યોનો આભાર વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વેની મુંબઈ ખાતે ZRUCC ની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા વેસ્ટર્ન રેલ્વેની ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટી કમિટી (ZRUCC) ની મુંબઈ ખાતે તા.૨૬–૯–૨૦૨૩ ના રોજ મળેલ મિટીંમાં ઉપસ્થિત રહી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી અશોકકુમાર મિશ્રાને નીચે મુજબના વિવિધ પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ.

(૧) ઓખા–મુંબઈ સૌરાષ્ટ્ર મેઈલનો સમય તેના ઓરીજીનલ સમય મુજબ રાખવો.

(૨) રાજકોટ–અમદાવાદ વચ્ચે મુસાફરોની સંખ્યા ખુબ જ વધી રહી છે ત્યારે આ વિશાળ સમુદાયને ધ્યાનમાં રાખી આ રૂટ ઉપર AC ચેર કાર ટ્રેન રોજીંદી શરૂ કરવી.

(૩) રાજકોટ–સૌરાષ્ટ્રની જનતા હજારોની સંખ્યામાં અવાર–નવાર હરિદ્વારધામ ખાતે મુસાફરી કરતા હોય છે. ત્યારે રાજકોટ ખાતેથી અઠવાડીયામાં માત્ર શુક્રવારે જ ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેન ચાલું છે. હરિદ્વાર દેશનું અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક સ્થળ હોય અને રાજકોટ–સૌરાષ્ટ્રથી મુસાફરોની સંખ્યા દિન–પ્રતિદિન વધી રહેતી હોવાથી ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનને અઠવાડીયામાં ત્રણ વખત શરૂ કરવી. સાથો સાથ હરિદ્વારા મેઈલને રાજકોટ સુધી લંબાવવી જેથી મુસાફરોને કોઈપણ મુશ્કેલી ન પડે.

(૪) મુંબઈ–સેન્ટ્રલ–હાપા દુરન્તો એકસપ્રેસને બોરીવલી સ્ટેશન ખાતે તાત્કાલીક સ્ટોપ આપવો.

(૫) રાજકોટ ચેમ્બરની રજુઆતના ફળ સ્વરૂપે "વંદે ભારત" રાજકોટને ફાળવવામાં આવી. તે જ રીતે મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહી તે માટે રાજધાની એકસપ્રેસ અને સતાપ્દી એકસપ્રેસને રાજકોટ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

(૬) હમસફર એકસપ્રેસ ટ્રેન અઠવાડીયામાં ત્રણ વખત ચાલે છે તેને કાયમી ધોરણે શરૂ કરવી.

(૭) દ્વારાકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોય અને લાખો યાત્રીકો આ સ્થળ ની મુલાકાત લેતા હોય છે ત્યારે આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ ટ્રેન ઉપલબ્ધ ન હોય ઓખા–અયોધ્યા–ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવી જરૂરી છે. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતને ધ્યાનમાં લઈ વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા "SME IPO-AN OPPORTUNITY FOR FUND RAISING" અંગે સેમીનાર યોજવામાં આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા.૨૦–૯–૨૦૨૩ ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે **"SME IPO-AN OPPORTUNITY FOR FUND RAISING"** અંગે એક મહત્વના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર અને કમ્પ્લાયન્સ ઓફિસરશ્રી આઈવોર મીસ્કયુથ તથા ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડ સૌરાષ્ટ્ર રીજીઓનના પાર્ટનરશ્રી રોનકભાઈ દાવડા દ્વારા જાણકારી આપવામાં આવી. રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઈઝ એકમો પોતાનો IPO માર્કેટમાં કોઈ રીતે લાવી શકે અને પોતાના બીઝનેશને કઈ રીતે વેગ મળે તે શુભ આશય સાથે આ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેની ટુંકમાં માહિતી આપેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર અલગ અલગ સેકટરને લગતા અવરનેશ સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે રાજકોટ–સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને વેગવંતુ બનાવવા સરકાર તત્પર છે. પરંતુ તેનો લાભ લઈ શકતા નથી. ઉદ્યોગોને વધુ વિકસીત કરવા અને હરીફાઈમાં ટકી રહેવા માટે M.M.M. એટલે કે માર્કેટ–મની–મેનેજમેન્ટ ખુબ જ મહત્વનું પરીબળ છે જેને ધ્યાનમાં રાખી આપણા બીઝનેશને વધુ આગળ વધારી શકાય. માર્કેટની હરીફાઈમાં ટકી રહેવા માટે બેલેન્શીટ વધુ સ્ટ્રોન્ગ બનાવી પડશે. SME એકમો પોતાનો IPO બજારમાં લઈ આવે જેનાથી બીજનેશમાં ફંડ મળી શકે અને રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિયસ્તરે આગવું સ્થાન મળશે. સાથો સાથ દેશ તથા રાજયના અર્થતંત્રને આગળ વધારવામાં સહભાગી બની શકશે.

સેમીનારના મુખ્ય વકતા ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર અને કમ્પ્લાયન્સ ઓફિસરશ્રી આઈવોર મીસ્કયુથએ આજનો આ સેમીનાર યોજવા બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, રાજકોટ–સૌરાષ્ટ્રના SME એકમો પોતાનો IPO બજારમાં કેવી રીતે લાવી શકે અને ફંડ મેળવી બીઝનેશને પ્રોત્સાહીત કરી એક લીસ્ટીંગ કંપની બની શકે તે માટે અમો સંપુર્ણ સહયોગ આપીશું. તેમજ તેના શું શું ફાયદા છે અને પાત્રતા માટેના માપદંડ વગેરે બાબતોની જણાકારી આપતા જણાવેલ કે બજારમાં IPO લઈ આવવાથી બીઝનેશમાં વૃધ્ધિ અને વિસ્તરણ માટે મુડી એકત્રીત થઈ શકે, ઉધાર ખર્ચમાં ઘટાડો કરી શકાય, ક્રેડીટ રેટીંગમાં સુધારો કરી શકાય, કંપનીની વિઝીબીલીટીમાં વધારો થાય, સ્થાનીક અને આંતરરાષ્ટ્રિય ગ્રાહકો સાથે કંપનીની પ્રોફાઈલમાં સુધારો થશે, ESOP યોજના થકી લાંબા કાર્યકાળ ધરાવતા કર્મચારીઓને પ્રોત્સાહન આપી શકાય, પ્રમોટર્સ માટે અનલોકીંગ મુલ્ય–જોખમમાં વૈવિધ્યીકરણ જેવા ફાયદાઓ થાય છે. જયારે બજારમાં IPO લઈ આવવા માટેની પાત્રતા માટેના માપદંડમાં પોસ્ટ ઈશ્યુંની ચુકવણીની મુડી ૨૫ કરોડ કરતા ઓછી હોવી જોઈએ, ત્રણ વર્ષનો ટ્રેક રેકોર્ડ હોવો જોઈએ, હકારાત્મક નેટવર્થ, ૧.૫ કરોડની ચોખ્ખી મુર્ત સંપતિ તેમજ છેલ્લા ત્રણ વર્ષ માટે વ્યાજ અને કરની હકારાત્મક કમાણી જેવા વિવિધ મુદાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપવામાં આવી.

ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડ સૌરાષ્ટ્ર રીજીઓનના પાર્ટનરશ્રી રોનકભાઈ દાવડાએ જણાવેલ કે, SME IPO કોણે લઈ આવવો જોઈએ, હિસાબો કઈ રીતે રાખવા જોઈએ, મુડીનું માળખું કઈ રીતે તૈયાર કરવું, ઈશ્યું ભાવ કઈ રીતે નકિક કરવા તથા મર્ચન્ટ બેન્કરની પસંદગી તથા એન્કર રોકાણકારોની પસંદગીમાં કઈ બાબતો ચકાસવી અને કેવી સાવધાની રાખવી તેની જાણકારી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યોશ્રીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે વકતાશ્રીઓએ યોગ્ય પ્રત્યુતર પાઠવેલ. સમગ્ર સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને ઉપસ્થિત વકતાશ્રીઓ તથા સભ્યશ્રીઓનો ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ આભાર વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત...
## રાજકોટ ખાતે "GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ"ની ફાળવણી કરવામાં આવી...

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ ખુબ જ મોટી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો કાર્યરત છે. ત્યારે GST અંતર્ગત તેઓને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર દ્વારા અવિરત પ્રયાસો કરેલ છે. GST ના અમલીકરણ પછી અપીલના કેસો વધવા પામશે તે બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૯ થી સરકારશ્રી સમક્ષ રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ ફાળવવા રજુઆત કરાયેલ હતી. તેમજ સરકારશ્રીના પ્રયાસો થકી ભારત સરકાર દ્વારા નોટીફીકેશનનં. SO-3009 તા.૨૧–૦૮–૨૦૧૯ થી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ જાહેર કરવામાં આવેલ હતી. પરંતુ કોઈ કારણોસર GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના થઈ નથી અથવા કાર્યરત નથી. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે ગાંધીનગર કે અમદાવાદ સુધીના લાંબા ધક્કા ખાવા પડે છે તેમજ આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહયું છે. આમ તેઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની તાત્કાલીક સ્થાપના કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી.

જે રજુઆતના ફળસ્વરૂપે ભારત સરકારના નોટીફિકેશનનં. SO-4073(E) તા.૧૪–૯–૨૦૨૩ થી રાજકોટ ખાતે "GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ" ની ફાળવણી કરવામાં આવેલ છે. જેનાથી રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે હવે ગાંધીનગર કે અમદાવાદ સુધી ધક્કા ખાવા નહી પડે. આમ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા બદલ સરકારશ્રીનો સહદય આભાર વ્યકત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા તથા જીલ્લા પંચાયતના નવનિયુકત પદાધિકારીશ્રીઓની શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા, કારોબારી સભ્યશ્રી અચ્યુતભાઈ જસાણી, અશોકભાઈ વિરડીયા, મનોજભાઈ ઉનડકટ, નિલેશભાઈ ભલાણી, સમીરભાઈ વેકરીયા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના નવ નિયુકત મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, તથા દંડકશ્રી મનિષભાઈ રાડીયા તેમજ જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ડાંગર તથા કારોબારી ચેરમેનશ્રી પી.જી.કીયાડાની શુભેચ્છા મુલાકાત લઈ હાર્દિક અભિનંદન પાઠવેલ.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકા તથા જીલ્લા પંચાયતના નવ નિયુકત પદાધિકારીશ્રીઓની સાથે મળી વેપાર–ઉદ્યોગકારો તેમજ શહેરની જનતાને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે હંમેશા કાર્ય કરીશું. તેમજ રાજકોટ શહેરના વિકાસને વધુ વેગ આપવા સહભાગી થઈશું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે "GST અંતર્ગત ઓડિટ પ્રક્રિયા" અંગે માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે **"GST અંતર્ગત ઓડિટ પ્રક્રિયા"** અંગે તા.૨૯–૮–૨૦૨૩, મંગળવારના રોજ સાંજે ૫:૩૦ વાગે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, ખાતે માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા. આ સેમિનારમાં CGST ઓડિટના એડિશ્નલ કમિશ્નરશ્રી અનુપકુમાર શર્મા, ડેપ્યુટી કમિશ્નરશ્રી વિજય અગ્રવાલ, કન્સલ્ટન્ટશ્રી આર.સી. પ્રસાદ તથા અન્ય અધિકારીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહી જાણકારી પુરી પાડેલ. ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌનું હાર્દિક સ્વાગત કરી સેમિનાર અંગે ટુંકમાં માહિતી આપેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી જણાવેલ કે જયારથી GST કાયદાનું અમલીકરણ થયેલ છે. ત્યારથી રાજકોટ ચેમ્બરે GST માં પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા માટે સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી GST માં સરળીકરણ લાવવા પ્રયાસ કર્યો છે. આ સમયગાળા દરમ્યાન GST માં અનેકવાર સરકયુલર–નોટીફીકેશનો સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યાં અને અનેક ફેરફારો કરવામાં આવ્યા તેની સંપુર્ણ જાણકારી વેપાર–ઉદ્યોગકારોને મળી રહી તે માટે રાજકોટ ચેમ્બર અવાર નવાર અવરનેશ માટેના સેમિનારો યોજે છે. તો તેનો પણ ખાસ લાભ લેવો. GST માં ઓડિટ આવે તો વેપાર–ઉદ્યોગકારોને ઘણી મુશ્કેલીઓ ભોગવવી પડતી હોય છે તેને કેવી રીતે દુર કરી શકાય તે માટે આ સેમિનાર યોજેલ છે. વધુમાં હાલમાં GST અંતર્ગત બોગસ બિલીંગનું કૌભાંડ પણ ચાલી રહયું છે. તો તેને પણ અટકાવવા સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી પ્રયાસ ચાલી રહયા છે. તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે જેથી કરીને તેનું યોગ્ય નિરાકરણ લાવી શકાય.

ત્યાર બાદ CGST ઓડિટના એડિશ્નલ કમિશ્નરશ્રી અનુપકુમાર શર્માએ આજનો આ સેમિનાર યોજવા બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે જયારે પણ વેપારી કે ઉદ્યોગકારોને ઓડિટ અંગે નોટિસ મળે તો જરા પણ ગભરાવવાની જરૂર નથી. અમારો પ્રયાસ છે કે ટેક્ષપેયરને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે સાથે મળીને તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું. વધુમાં આ અંતર્ગત કોઈપણ સમસ્યા હોય તો અમારી ઓફિસનો સંપર્ક કરવો અમો સંપુર્ણ સાથ સહકાર આપીશું.

GST કન્સલટન્ટશ્રી આર. સી. પ્રસાદએ જણાવ્યું કે, ટેક્ષપેયર્સને ઓડિટ આવવાથી ડરવાની જરૂર નથી. આ પ્રક્રિયાથી તેઓની નાના મોટી ભુલો, ધંધો કરવાની પધ્ધતિમાં રહેલ ખામીઓની ખબર પડે છે અને તેને સુધારાવાની તક મળે છે. નાના ના ટેક્ષપેયર્સને ત્યાં ઓડિટ માટે GST અધિકારીઓ તેમના સ્થળ પર જઈને ઓડિટ નથી કરતા પરંતુ તેમના એકાઉન્ટસ, રેકોર્ડ બતાવવાના રહે છે. તેથી વેપાર–ઉદ્યોગકારોએ અધિકારીઓને પણ સહકાર આપવો જોઈએ અને આપણા તમામ રેકોર્ડસ અપડેટ રાખવા જોઈએ. જેથી કરીને આવનારા દિવસોમાં કોઈપણ મુશ્કેલી ન પડે. વધુમાં તેઓએ ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ સમક્ષ રજુઆત મુકેલ કે, ના ના વેપારીઓને વધારે સહકારની જરૂર હોય અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન હોવાથી અમુક સમયે સમજ ફેર કે ભુલ થઈ જાય છે તો આ બાબતે યોગ્ય નિરાકરણ લાવી પગલા લેવા જોઈએ અને વધુમાં વધુ અવરનેશ સેમિનારો યોજવા અનુરોધ કરેલ. ત્યારબાદ ઉપસ્થિત વેપાર–ઉદ્યોગકારોને GST અંતર્ગત પડતી મુશ્કેલીઓ અંગે પ્રશ્નોતરી કરતા અધિકારીશ્રીઓએ સંતોષકારક પ્રત્યુતર પાઠવેલ.

સમગ્ર સેમિનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને સભ્યશ્રીઓનો આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટના હિરાસર ખાતે નિર્માણ પામેલ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટે આવવા–જવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા તથા બન્ને સાઈડ ઓવરબ્રીજ બનાવવા માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત...

રાજકોટ–સૌરાષ્ટ્રની જનતાને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ હિરાસર ખાતે નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરી અમુલ્ય ભેટ આપી છે. આ નવું ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ લગભગ ૧૦ થી ૧૨ દિવસમાં શરૂ થવા જઈ રહયું છે. ત્યારે નેશનલ હાઈવે થી હિરાસર એરપોર્ટ સુધી બન્ને સાઈડ ઓવરબ્રીજ બનાવવા ખાસ જરૂરી છે. જેથી કરીને આગામી સમયમાં ટ્રાફિક સમસ્યાને નિવારી શકાય.

વધુમાં રાજકોટ થી હિરાસર ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશન એરપોર્ટ પહોંચવા માટેનું અંતર આશરે ૩૦ કિ.મી. જેટલું થાય છે તેથી ત્યાં આવવા–જવા માટે મુસાફરોને ખુબ જ હાલાકી પડી રહી છે તો તે માટે વધુ બસો ફાળવી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા તાત્કાલીક ઉપલબ્ધ કરાવવી. આવી સુવિધા બેંગ્લોર અને પુના ખાતે કાર્યરત છે. તેમજ રાજકોટ શહેરની મધ્યમાં ૧૫૦ ફીટ રીંગ રોડ, રેસકોર્ષ, ભકિતનગર સર્કલ, અને ગ્રીન લેન્ડ ચોકડી ખાતે તે માટેના પીક અપ અને ડ્રોપ પોઈન્ટ બનાવવા અંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. જેથી કરીને મુસાફરોને સારી એવી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પ્રાપ્ત થશે અને ભોગવવી પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે.

## રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા MSME ફેસિલીટેશન કાઉન્સીલની ઝોન વાઈઝ કરાયેલ રચનામાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમોના બાયર પાસે ફસાયેલ નાણાંની રીકવરી માટેની જે ડીલે પેમેન્ટની મીકેનીઝમ છે તેમાં ઉદ્યોગકારોને ગાંધીનગર સુધી જવું પડે છે તેમજ આ કાઉન્સીલમાં જજમેન્ટ આવવામાં પણ ઘણો સમય લાગે છે. તેમજ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી આવી એક ડીલે પેમેન્ટની કાઉન્સીલની વ્યવસ્થા રાજકોટ ખાતે કરવી જેથી કરીને ઉદ્યોગકારોને ગાંધીનગર સુધી ધકકા ન ખાવા પડે તેમજ નાણાં તથા સમયનો વ્યય ન થાય તે બાબતે રાજય સરકાર સમક્ષ તથા સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટીની મિટીંગમાં રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતનો સ્વીકાર થયેલ છે અને રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા રાજયમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત અને ભાવનગર ખાતે માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમો માટે MSME ફેસિલીટેશન કાઉન્સીલની ઝોન વાઈઝ રચના કરવામાં આવેલ છે અને રાજકોટ ઝોનમાં અધિક કલેકટરશ્રીના ચેરમેન પદે કાઉન્સીલની રચના કરી મેમ્બર તરીકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, લીડ ડિસ્ટ્રીકટ મેનેજર, ડિસ્ટ્રીકટ ગર્વમેન્ટ પ્લેડર, અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ સહિત દેવભુમિ દ્વારકા, જામનગર, જુનાગઢ, કચ્છ, મોરબી અને પોરબંદર જીલ્લાને આવરી લેવામાં આવેલ છે. આ કાઉન્સીલ થકી માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમોના ૫૦ લાખ સુધીના બાયર પાસે ફસાયેલ નાણાંની

રીકવરી માટેના કેસોનો અહિંથી જ નિકાલ થઈ જશે અને ગાંધીનગર સુધી ધકકા ખાવા નહી પડે માત્ર ૫૦ લાખથી વધારેના કેસો માટે જ ગાંધીનગર ખાતે અપ્લાય કરવાની રહેશે. આ કાઉન્સીલની રચના થવાથી રાજકોટ સહિત અન્ય જીલ્લાના ઉદ્યોગકારોને ઝડપી ન્યાય મળશે. સાથો સાથ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી, ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિહ રાજપુતજીનો સહદય આભાર વ્યકત કરવામાં આવેલ છે. વધુમાં રાજકોટના માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ એકમોને આ અંગે કોઈ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ ખાતેના જુના એરપોર્ટની જગ્યા પર કન્વેન્શન સેન્ટરની ફાળવણી કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત...

તાજેતરમાં જ રાજકોટ ખાતે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે સૌરાષ્ટ્રના નજરાણા સમાન હિરાસર ખાતે નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરી રાજકોટ–સૌરાષ્ટ્રની જનતાને અમુલ્ય ભેટ આપેલ છે.

ત્યારે રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોને વધું વેગ મળે તે શુભ આશય સાથે રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા માટે રાજકોટ ચેમ્બરની વર્ષો જુની માંગણી છે. જેનો અગાઉ પુર્વ મુખ્યમંત્રીશ્રીએ આ માંગણીનો સ્વીકાર કરેલ હતો અને આશરે ૩૨ એકર જગ્યાનું સ્માર્ટ સીટી એરીયામાં ઔપચારીક અનુમતી પણ આપેલ હતી. તેથી હાલનું જે જુનું એરપોર્ટ હિરાસર ખાતે નિર્માણ પામેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ટ્રાન્સફર થવા જઈ રહયું છે ત્યારે જે જુનાં એરપોર્ટની જગ્યા ખાલી પડે તે જગ્યા પર કન્વેન્શન સેન્ટર ફાળવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજૂઆત... રાજકોટ ઉદેપુર–ઈન્દોર માટેની રોજીંદી ફલાઈટ શરૂ... રાજકોટ–દહેરાદુન માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા રજુઆત...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાર્ટનગર હોય વેપાર–ઉદ્યોગકારો તથા આમ પ્રજાજનોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હંમેશા પ્રયત્નશીલ રહી છે. રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના લોકો આસ્થાના પ્રતિક સમાન નાથદ્વારા ધામે અવાર–નવાર જતા હોવાથી ઉદયપુર માટેની ફલાઈટ શરૂ કરવા તથા ઈન્દોર ઈમિટેશન માર્કેટનું હબ હોય લોકો વેપાર માટે જતા હોવાથી ઈન્દોર માટેની ફલાઈટ પણ શરૂ કરવા અગાઉ ધારદાર રજૂઆત કરવામાં આવેલ હતી. જેના ફળ સ્વરૂપે રાજકોટ થી ઉદેપુર અને ઈન્દોર માટેની રોજીંદી ફલાઈટ શરૂ થઈ ગયેલ છે. આમ આ એરલાઈન્સની સુવિધા મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોમાં હર્ષની લાગણી છવાયેલ છે.

વધુમાં ધાર્મિક સ્થળ એવા હરિદ્વારા, ઋષિકેશ, ચારધામ, અને પર્યટન સ્થળ જેવા કે મસુરી–દેહરાદુન અને નૈનીતાલ જવા માટે મુસાફરોની સંખ્યા ખુબ જ વધારે રહેતી હોવાથી રાજકોટ–દહેરાદુન માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય કેન્દ્રીય ઉડ્યનમંત્રીશ્રી જયોતિરાદીત્ય સિંધીયા સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. આ રૂટ માટેની ફલાઈટની સેવા પણ ટુંક સમયમાં રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને મળશે તેવી આશા વ્યકત કરેલ છે.

(1) Shri Parth Ganatra, Vice President of this Chamber is the member of Zonal Railway Users' Consultative Committee and has been representing continuously & vigorously to the Railway Ministry as well its beurocrats regarding various difficulties, hurdles and hardships being faced by the entire business community. About more than ten representations e.g. changing of time schedule of some trains / providing of more trains in consideration of robust increase of travelling fraternities / providing of stoppage at Borivali in Duranto Express / providing of due and proper facilities particularly at Platform No. 5 & 6 etc.

(2) Acute hurdles and nuances being faced by Exporters are also being represented by this Chamber to The Commercial Ministry and The Chief Custom Commissioner (Gujarat Zone) regarding immense difficulties while undergoing Customs Checking & Examination and other severe problems. More particularly, abundant delay in IGST refund is the most shocking cause impacting the entire monitory system of members. Most of the grievances highlighted by us are redressed. In considerate of our severe submissions, 2 batches of The GST APPELLATE TRIBUNAL are provided to Gujarat amongst three Districts i.e. Ahmedabad, Surat and Rajkot. We are now trying for providing of 1 batch of The Goods and Services Tax Appellate Tribunal to Rajkot on permanent basis.

(3) Representation regarding Redressal of problems & inconveniencies being faced by the owners of Captive Solar Projects.

(4) Representations and requisite follow ups are our routine practice for providing of ample land for various Industrial, Commercial, Exporters and service providers.

(5) We have represented to the Aviation Ministry for providing of daily flights facilities from Rajkot to various trade and religious stations. We are happy to state that most of our demands have been fulfilled thereof.

(6) We have demanded for providing of Regional ESIC Office at Rajkot.

(7) We have vigorously represented for developing of MSME Bhavan and providing of Convention Center at Rajkot.

(8) Recent modification of clause (h) in Section 43B of The Income Tax Act, 1961 streamlining the payment receipt process for Micro & Small ventures. We have represented to the Finance Ministry about various problems likely to be faced by MSE fraternity. Elaborating the entire problems and difficulties due to such inclusion with facts, figures and explanations. Our request for reviewal of the said modification is pending with the Hon. Finance Minister. Till then, let us wait hope for favorable outcome. We will of course inform our esteem members about the final facts and factuals soon after receiving the same.

**Micro અને Small Enterprise ના નિયત એમોને વિલંબીત ચુકવણી હવે મોંઘી પુરવાર થઈ શકે !**

## કલમ 43b(H) ની આવકવેરાની નવી જોગવાઈની તલસ્પર્શી સમીક્ષા !

**MSME ના કાયદાની નિયત જોવાઈઓનું પાલન ન કરાય તો આવકવેરાની જવાબદારીનું ભારણ ન વધે તે માટે શું ખ્યાલમાં રહે ?**

વેપારી હિસાબી પધ્ધતિ અનુસાર, આપણે ઉપર જઈ ગયા તે મુજબ, ચુકવવાપાત્ર ધંધાકીય ખર્ચ ખરેખર વર્ષ દરમિયાન ચુકવવામાં ન આવ્યો હોય તો પણ, હિસાબી ચોપડે ઉધારીને મજરે મેળવી શકાય છે. ઘણાં કેસોમાં, કરદાતઓ તેમની કેટલીક કાયદેસરની જવાબદારીઓ (Statutory Liabilities) જેવી કે, GST, પ્રોવીડન્ટ ફંડ, ESI ની ચુકવણી વગેરે, ચોપડે ઉધારીને આવકમાંથી મજરે માગી હોવા છતાં, લાંબા સમય સુધી ખરેખર ચુકવતા નહી હોઈ, આવા કેસોને નિયંત્રીત કરવાના હેતુસર, આકારણી વર્ષ ૧૯૮૪–૮૫ થી આવકવેરાના કાયદા હેઠળ કલમ ૪૩બી ઉમેરવામાં આવી.

કલમ ૪૩બી અન્વયે આવકવેરાના કાયદામાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે કલમ ૪૩બી(એ) થી ૪૩બી(જી) હેઠળ નિયત રકમો, આવકવેરાના કાયદાની કોઈ જોગવાઈઓ હેઠળ અન્યથા મજરે મળવાપાત્ર હોય તો પણ, તે જે વર્ષમાં ખરેખર ચુકવવામાં આવે (Actually Paid), તે જ વર્ષની આવકમાંથી મજરે આપવામાં આવશે.

આવકવેરા કાયદામાં તા.૦૧–૦૪–૨૦૨૩ થી કલમ ૪૩બી(એચ) હેઠળ નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે જે અન્વયે Micro, Small and Medium Enterprise Development Act (MSMED Act) અંતર્ગત Micro અને Small Enterprise તરીકે રજીસ્ટર થયા હોય તેવા એકમોને, માલ અથવા સેવાની ખરીદી પેટે ચુકવવા પાત્ર થતી રકમ, જો MSMED Act હેઠળ નિર્દિષ્ટ સમયગાળા બાદ ચુકવવામાં આવે, તો આવી મોડી ચુકવાતી રકમ, જે નાણાંકીય વર્ષમાં ચુકવાઈ હોય તે વર્ષના આવકવેરા રીટર્નમાં જ મજરે મળવા પાત્ર બનશે.

આ નવી જોગવાઈના સંદર્ભમાં અમલી શબ્દ–પ્રયોગની સમજ મેળવવી જરૂરી છે.

### Micro અને Small Enterprise ની વ્યાખ્યા

તા.૧લી જુલાઈ ૨૦૨૦ થી અમલી બનાવાયેલ નવા વર્ગીકરણ મુજબ, નીચે જણાવેલ પ્લાન્ટ મશીનરીમાં રોકાણ અને વાર્ષિક ટર્નઓવર અમે બે પરીબળો સયુંકત રીતે લાગુ પડતા હોય તેવા એકમો સાથેના વ્યવાહારોમાં નવી જોગવાઈ લાગુ પડશે.

| Criteria | Micro | Small |
|---|---|---|
| માય પ્લાન્ટ, મશીનરી તેમજ ઈકિવપમેન્ટમાં કરાયેલ રોકાણ | ૧ કરોડ સુધી | ૧૦ કરોડ સુધી |
| વાર્ષિક ટર્નઓવર | ૫ કરોડ સુધી | ૫૦ કરોડ સુધી |

### MSMED Act હેઠળ નિર્દિષ્ટ સમય મર્યાદા

MSMED Act ની કલમ ૧૫ અન્વયે, જયારે બે એકમો વચ્ચે, માલ અથવા સેવાના વ્યવહારની ચુકવણી માટેની કોઈ સમય મર્યાદા લેખિતમાં નિયત ના કરાઈ હોય તેવા સંજોગોમાં, કરાયેલ વ્યવહારની ચુકવણી માટે ૧૫ દિવસની સમય મર્યાદાની ગણતરી કરાવની રહેશે.

જયાં બે એકમો વચ્ચે, આવી ચુકવણી માટેની લેખિત કોઈ સમજુતી કરાયેલ હોય તો તેવા સંજોગોમાં નિયત સમય અથવા વધુમાં ૪૫ દિવસની સમય મર્યાદાને લક્ષમાં લેવાની રહેશે.

ઉપરોક્ત જોગવાઈના સંદર્ભમાં ધ્યાનમાં મહત્વની બાબતો.

- આ જોગવાઈ ધંધા–વ્યવસ્યાની આવક મેળવતા તમામ કરદાતાઓને લાગુ પડશે.
- પરંતુ, જો કરદાતાઓ, કલમ ૪૪એડી, ૪૪એડીએ અથવા ૪૪એઈ હેડળની 'અંદાજીત આવક' (Presumptive Income)ની જોગવાઈઓ અનુસાર, તેમનું આવકવેરા રીટર્ન ભરતા હોય તેવા કદાતાઓને આ જોગવાઈના અમલમાંથી મુકિત મળશે.
- આ જોગવાઈ અનુસાર ખર્ચની રકમ, ચુકવણીના વર્ષમાં જ મજરે મળવા પાત્ર છે. મુડી રૂપી ખર્ચ (Capital Expenditure)ના સંદર્ભમાં ન હોઈ, Fixed Assets ના સંદર્ભમાં કરેલી કોઈ પણ ખરીદીની ચુકવણીના હેતુસર કલમ ૪૩બી(એચ) લાગુ પાડી શકાશે નહી.
- આ જોગવાઈ, Micro અને Small Enterprise તરીકે નોંધાયેલ એકમ, જેની પાસે Udyam Registration ઉપલબ્ધ હોય તેવા એકમ સાથે કરાયેલ વ્યવહારના કેસમાં જ લાગુ પડશે.
- જે વેપારીના Udyam Registration Certificateti Major Activity સામે Trading (For availing benefits of Priority Sector Lending (PSL) only એવું જણાવેલ હોય, તેવા વેપારીઓ સાથેના વ્યવહારોનો, આ કલમના વ્યાપમાં સમાવેશ થતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો Wholesale કે Retail Traders ની સાથેના વ્યવહારોના સંદર્ભમાં કલમ ૪૩બી(એચ)ને કારણે આવકવેરાની જવાબદારીનું કોઈ ભારણ ઉપસ્થિત થઈ શકે નહી.

### કલમ ૪૩બી(એચ)ના સકંજામાંથી મુકત રહેવા શું આયોજન કરશો ?

આ જોગવાઈ અંતર્ગત, નિર્દિષ્ટ સમયગાળા બાદ કરેલ ચુકવણી, જે નાણાકીય વર્ષમાં ચુકવવામાં આવે તે વર્ષમાં જ ખર્ચ તરીકે બાદ મળવાપાત્ર હોઈ, આ જોગવાઈ લાગુ પડતી હોય તેવા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીના તમામ વ્યવહારોની ચુકવણી તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૪ સુધીમાં કરવી જોઈશે. તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૪ પછીના આવા તમામ વ્યવહારોની ચુકવણી ૨૦૨૪–૨૫માં, પરંતુ નિયત સમય મર્યાદામાં કરવી જોઈશે.

અન્યથા આવી વિલંબીત ચુકવણીની રકમ, જે વર્ષમાં ચુકવાય તે વર્ષમાં, એટલે કે પછીના વર્ષના આવકવેરા રીટર્નમાં બાદ મળશે અને ૨૦૨૩–૨૪ના વર્ષના રીટર્નમાં આવી રકમ ઉપર લાગુ પડતા દરે ટેક્સ ભરવાની જવાબદારી ઉપસ્થિત થશે.

## પત્રકો ન ભરવા બદલ ધરમુળથી નોંધણી નંબર રદ ન કરી શકાય

જયારે કોઈપણ વ્યકિતનો કોઈ નાણાકીય વર્ષનો માલ કે સેવાના સપ્લાયનો કુલ ટર્નઓવર GST કાયદામાં ઠરાવેલ રકમ મર્યાદાથી વધુ થાય ત્યારે તેવી વ્યકિતએ GST કાયદા હેડળ નોંધણી નંબર લેવો ફરજીયાત છે. જો કોઈ વ્યકિતનો વાર્ષિક ટર્નઓવર GST કાયદા હેઠળ નોંધણી નંબર લેવા જરૂરી રકમ મર્યાદાથી ઓછો હોય છતાં તેવો નંબર લેવા ઈચ્છતા હોય તો તેવી વ્યકિત મરજીયાત ધોરણે નોંધણી નંબર લઈ શકે છે. એક વખત GST કાયદા હેડળ નોંધણી નંબર લેવામાં આવે પછી તે કાયદા હેઠળની તમામ જવાબદારી નિભાવવા તેવી વ્યકિત જવાબદાર છે. આ પૈકીની એક અગત્યની જવાબદારી દરેક નોંધાયેલ વ્યકિતએ પોતાની વેરાકીય જવાબદારી સ્વીકારતા પત્રકો કાયદામાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં ભરવા પડે. જો કોઈ વ્યકિત GST કાયદા હેઠળ નોંધણી નંબર કરાવથી હોય પરંતુ કાયદા હેઠળ ભરવાપાત્ર પત્રકો ભરે નહીં તો

અધિકારીને કાયદાની કલમ ૨૯(૨) હેઠળ તેછી વ્યકિતનો નોંધણી નંબર રદ કરવાની સતા છે. અધિકારીને પત્રકો ભરેલ હોય તે સમયગાળાનો નોંધણી નંબર રદ ન કરી શકાય. પત્રકો ન ભરવા બદલ નોંધણી નંબર આપ્યા તારીખથી ધરમુળ થી જ નોંધણી નંબર રદ કરતો આદેશ ગેરકાયદેસર હોવાનું માન.દિલ્હી હાઈકોર્ટ બાલાજી પ્લાસોમર્સ પ્રા.લિ.વિ. કમિશનર ઓફ દિલ્હી GST W.P. (C) no ૧૪,૬૧૦ ઓફ ૨૦૨૩ ના કેસમાં તા.૮–૧૧–૨૦૨૩ ના ચુકાદાથી ઠરાવ્યું છે. આ ચુકાદાની માહિતી આજના લેખમાં આપી છે.

## ધંધો ચાલુ હતો ત્યાં સુધી પત્રકો ભરાયા

પિટિશનર તા.૧–૭–૨૦૧૭ થી GST કાયદા હેઠળ નોંધણી નંબર ધરાવતા હતા. શરૂઆતમાં ધંધો બરાબર ચાલ્યો પરંતુ વર્ષ ૨૦૧૯માં પિટિશનરને ધંધામાં મોટું નુકશાન થયું અને તેથી તેઓએ તેમનો ધંધો બંધ કરી નોંધણી નંબર રદ કરવાનું નકિક કર્યું. તા.૨૮–૧૧–૨૦૧૯ના રોજ GST નો નોંધણી નંબર રદ કરવા પિટિશનર દ્વારા અરજી પણ કરવામાં આવી. પિટિશનરે દાવો કર્યો કે જયારે તેઓએ નોંધણી નંબર રદ કરવા માટેની અરજી કરેલ ત્યાં સુધીની GST કાયદા હેઠળની તમામ જવાબદારી તેઓએ નિભાવેલી હતી. નવેમ્બર ૨૦૧૯ સુધીના તમામ પત્રકો પણ પિટિશનર દ્વારા ભરવામાં આવેલ હતા.

## નોંધણી નંબર રદની અરજી નામંજુર થઈ

અધિકારી દ્વારા પિટિશનરની નોંધણી નંબર રદની અરજીના સંદર્ભમાં નોટિસ બજાવીને કેટલીક વધુ માહિતી માંગવામાં આવી. આ નોટીસનો પિટિશનરે કોઈ પ્રત્યુતર ન આપતા પિટિશનરની નોંધણી નંબર રદ કરવા માટેની અરજી નામંજુર કરવામાં આવી. આવી પિટિશનરે નોંધણી નંબર રદ કરવા માટે નવેસરથી અરજી કરી. આ અરજીના અનુસંધાને અધિકારી દ્વારા ફરીથી નોટિસ બજાવવામાં આવી. પિટિશનરની માન્યતા મુજબ આ નોટિસ કાયદામાં નિર્ધારીત સમય મર્યાદા વિતી ગયા બાદ આપવામાં આવેલ હતી અને તેથી તેઓ એમ માનતા હતા કે તેઓનો નોંધણી નંબર રદ થઈ ગયેલ છે. પરંતુ હકીકતમાં પિટિશનરનો નોંધણી નંબર રદ કરવામાં આવેલ ન હતો અને તે માટે પિટિશનર દ્વારા ફરીથી કરવામાં આવેલ અરજી પણ અધિકારી દ્વારા નામંજુર કરવામાં આવી.

## પત્રકો ન ભરવા બદલ નોંધણી નંબર ધરમુળથી રદ કરાતાં રિટ કરવામાં આવી

અધિકારી દ્વારા પિટિશનર દ્વારા સતત ૬ માસ માટે પત્રકો ન ભરવા બદલ નોંધણી નંબર રદ કેમ ન કરવો તેનો ખુલાસો માગતી કારણદર્શક નોટિસ બજાવવામાં આવી અને તે નોટિસમાં ઠરાવેલ તારીખે અધિકારી સમક્ષ હાજર થઈ અને ખુલાસો રજુ કરવા જણાવવામાં આવ્યું પરંતુ હકીકતમાં નોટિસમાં કોઈ તારીખ જણાવવામાં આવેલ ન હતી. દરમિયાન નોટિસની તારીખથી પિટિશનરનો નોંધણી નંબર સ્થગિત કરવામાં આવ્યો. ત્યારબાદ ધરમુળથી જ એટલે કે નોંધણી નંબર આપ્યા તા.૧–૭–૨૦૧૭ થી જ પિટિશનરનો નોંધણી નંબર બદ કરવામાં આવ્યો. આ નોંધણી નંબર રદ કરતા આદેશથી નારાજ પિટિશનર દ્વારા માન.હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન કરવામાં આવી.

## ધરમુળથી નોંધણી નંબર રદ ન કરી શકાય

કોર્ટે એ બાબતની નોંધ કે કારણદર્શક નોટિસમાં પિટિશનરને નોટિસમાં જણાવેલ તારીખે હાજર રહેવા જણાવવામાં આવેલ હોવા છતાં હકીકતમાં નોટિસમાં કોઈ જ તારીખ જણાવવામાં આવેલ ન હતી. વળી કારણદર્શક નોટિસથી ધરમુળ થી નોંધણી નંબર રદ કરવા માટે પણ સુચવવામાં આવેલ ન હતું. નોંધણી નંબર રદ કરતા આદેશમાં નોંધણી નંબર રદ કરવા માટેના કોઈ જ કારણો નોંધવામાં આવેલ ન હતા. સિવાય કે કારણદર્શક નોટિસનો પિટિશનરે જવાબ આપેલ ન હતો. કોર્ટના મતે પિટિશનરની ચોકકસ રજુઆત હતી કે તેમણે ૨૦૧૯માં ધંધો બંધ કરેલ હતો અને તેથી નોંધણી નંબર

રદ કરવા તા.૨૮–૧૧–૨૦૧૯ ના રોજ અરજી કરેલ. આ સંજોગોમાં કોર્ટના મતે ધરમુળથી તા.૧–૭–૨૦૧૭ થી નોંધણી નંબર રદ કરવા આદેશમાં કોઈ જ કારણો જણાવવામાં આવેલ ન હતા. કોર્ટે ઠરાવ્યું કે ધરમુળથી નોંધણી નંબર રદ કરવાનો આદેશ ટકી શકે નહી. કોર્ટે એ બાબતની પણ નોંધ લીધી કે નોંધણી નંબર રદ એટલા માટે કરવા ધારેલ કે પિટિશનરે ૬ માસ સુધી પત્રકો ભરેલ ન હતા. કોર્ટના મતે આ કારણસર નોંધણી નંબર ધરમુળથી રદ કરી શકાય નહી. જો પિટિશનરે જે સમયે તેઓ ધંધો કરતા હતા તે સમયના પત્રકો ભરેલ હોય તો પછીના સમય માટે પત્રકો ન ભરેલ હોય તે કારણસર જે સમયના પત્રકો ભરેલ હોય તે સમય માટેનો નોંધણી નંબર રદ કરી શકાય નહી. આમ અંતે કોર્ટે સુચના આપી કે પિટિશનરનો નોંધણી નંબર તેમણે કરેલ અરજી અનુસાર તા.૨૮–૧૧–૨૦૧૯ થી અને નહી કે તા.૧–૭–૨૦૧૭ થી રદ કરવામાં આવે.

# એકસપોર્ટના લાભ, બાબતના વિવાદો અને વિવાદના મુળમાં 'એકસપોર્ટ'ની વ્યાખ્યા

જયારે કોઈપણ માલની નિકાસ કરવામાં આવે ત્યારે તેની કિંમતની ચુકવણી આંતરરાષ્ટ્રિય બજારમાં વિદેશી નાણાંમાં, એટલે કે વિદેશી હુંડિયામણમાં થતું હોવાથી આપણા દેશમાં ડોલર અથવા યુરો અથવા આ પ્રકારના વિદેશી નાણાંમાં આવક થાય છે. વિદેશી નાણાં નિકાસકર્તાની બેન્કમાં જમાં થાય છે અને તેની કિંમત અનુસારની ચુકવણી ભારતીય નિકાસકર્તાને રૂપિયામાં થાય છે, જયારે વિદેશી હુંડિયામણ સરકારની તિજોરીમાં જમાં થાય છે. સરકાર 'એકસપોર્ટ' એટલે કે માલ અથાવ સેવાની નિકાસને હંમેશા ઉતેજન આપે છે, કારણ કે વિદેશી હુંડિયામણમાં આવક થવાથી સરકારને પણ આંતરરાષ્ટ્રિય બજારમાં ફાયદો થાય છે, અને આપણા નાણાં (કરન્સી) ની કિંમત પણ વધે છે. પણ એકસપોર્ટ/નિકાસને લગતો કાયદો એક નથી, અને નિકાસની વ્યાખ્યા અને નિકાસને લગતી જોગવાઈઓ એકથી વધુ કાયદામાં કરવામાં આવી હોવાથી ઘણાં પ્રશ્નો ઉભા થાય છે અને આવા પ્રશ્નોના નિકાલ માટે નિકાસકારોએ અદાલતનો આશરો લેવાની પરિસ્થિતિ ઉભી થાય છે. કોર્ટના ચુકાદાઓને કારણે પણ વધુ પ્રશ્નો ઉભા થયાનો અનુભવ થાય છે અને પરિસ્થિતિનો કાયમી અને વાજબી ઉકેલ હજુ સુધી આવ્યો નથી.

**નિકાસ એકસપોર્ટની વ્યાખ્યા –** સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ એકટ, ૨૦૦૫ની કલમ ૨(એમ) હેઠળ 'એકસપોર્ટ'ની જે વ્યાખ્યા આપી છે, તે મુજબ એક S.E.Z. એકમ બીજા S.E.Z. એકમની માલ કે સેવા(સર્વિસ) પુરી પાડે, તો આ પ્રકારના 'સપ્લાય'ને પણ એકસપોર્ટ ગણાવામાં આવે છે. S.E.Z. માં સ્થાપિત એકમને માલ કે સેવા પુરી પાડવાના વ્યવહારને નિકાસ ગણવાની જોગવાઈ પાછળ એક મહત્વનો ઉદેશ અને કારણ છે. એક S.E.Z. એકમ જો બીજા S.E.Z. એકમને 'સપ્લાય' આપે, તો આ પ્રકારે મેળવેલ સપ્લાયનો ઉપયોગ બીજા એકમ દ્વારા એકસપોર્ટ માટેના માલના ઉત્પાદન માટે જ થાય છે અને પરિણામો આવા એક S.E.Z.. એકમ અને અન્ય એકમ વચ્ચેના 'સપ્લાય' પણ આડકતરી રીતે (indirectly) ભારત દેશની બહાર નિકાસ થાય છે. આ વ્યાખ્યા અને ઈનડાયરેકટ એકસપોર્ટને પણ નિકાસના વ્યવહારો ગણવાની જોગવાઈની વિરૂધ્ધ બે પરિપત્રો બહાર પાડી સરકારે S.E.Z. ના અમુક ઉદ્યોગો માટે મોટી મુશ્કેલી સર્જેલી.

**એલ.ઓ.પી.ની શરતોનું મહત્વ –** આ ચુકાદાના કારણે એ પ્રશ્ન ઉભો થાય છે કે પાર્લામેન્ટ દ્વારા કરવામાં આવેલ કાયદાની કલમની વિરૂધ્ધની શરત સરકારી અધિકારીઓ દ્વારા લાદી શકાય? અને નો આવી શરત અને કાયદાની વ્યાખ્યા વચ્ચે વિસંગતતા હોય તો સરકારી અધિકારીઓ દ્વારા લાદવામાં આવેલી શરતનું પાલન કરયું કાયદેસરનું ગણાય, કે પાર્લામેન્ટ દ્વારા કરવામાં આવેલ વ્યાખ્યાનો અમલ કરવો એ કાયદેસર ગણાય. આ પ્રશ્નના ઉકેલ માટે ડિવીઝન બેંચ દ્વારા ઠરાવવામાં આવ્યું છે કે S.E.Z. રૂલ્સના નિયમ ૧૮ હેઠળ 'એપ્રુવલ કમિટિ' અધિકાર આપવામાં

આવ્યો છે, અને 'એપ્રુવલ કમિટિ' ને અરજીમાં સુધારા–વધારા કરવાનો પણ અધિકાર છે અને નિયમ ૧૯ હેઠળ લેટર ઓફ એપ્રુવલ આપવાની જોગવાઈ છે અને આ નિયમો હેઠળ જો પ્લાસ્ટિક–વસ્ત્રોના રિપ્રોસેસીંગ માટે સ્થપાયેલા એકમોની એલ.ઓ.પી.માં સુધારો કરી ૧૦૦% ટર્નઓવરનું ફિઝીકલ એકસપોર્ટ કરવાની શરત મુકવામાં આવી હોય તો આ શરત એકમોને બંધનકર્તા છે. કલમ ૨(એમ) હેઠળની 'એકસપોર્ટ'ની વ્યાખ્યાને એલ.ઓ.પી.માં સુધારો કરીતે ફિઝીકલ એકસપોર્ટની શરત મુકવાના કારણે ના.હાઈકોર્ટ અનુસરવાનો ઈનકાર કર્યો છે.

**સરકારના પરિપત્રો –** કસ્ટમ્સ એકટ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ, એકટ, ફોરેન ટ્રેડ પોલિસીના કાયદામાં આપવામાં આવેલી વ્યાખ્યાઓ ઉપરાંત સરકારના અમુક ખાતાઓ (જેવા કે ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ, એસ.ઈ.ઝેડ. ના ડેવલોપમેન્ટ કમિશ્નર વગેરે) દ્વારા અવાર નવાર પરિપત્રો અને પબ્લીક નોટિસો પણ બહાર પાડવામાં આવે છે અને તે દ્વારા 'એકસપોર્ટ' ની વ્યાખ્યામાં સુધારા–વધારા કરવામાં આવે છે. તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૧૩ ના રોજ કોમર્સ ડિપાર્ટમેન્ટના એસ.ઈ.ઝેડ. સેકશન દ્વારા બે સરકયુલર બહાર પાડી જાહેર કરવામાં આવેલું કે પ્લાસ્ટીક અને ટેકસટાઈલના એસ.ઈ.ઝેડ. એકમો માટે પુરેપુરું ઉત્પાદન ફિઝીકલ એકસપોર્ટ કરવું ફરજીયાત છે. આ સરકયુલરો ફેબ્રુઆરી ૨૦૧૮ માં પાછા ખેંચી લેવામાં આવેલા, પણ પાંચ વર્ષ સુધી પ્લાસ્ટીક અને ટેકસટાઈના એસ.ઈ.ઝેડ. એકમોને અન્ય એસ.ઈ.ઝેડ. એકમોને માલ સપ્લાય કરી તે 'એકસપોર્ટ' ગણવાની છુટ મળી ન હતી.

**અસંગત વ્યાખ્યાઓને કારણે વિવાદ –** અલગ અલગ કાયદા હેઠળ 'એકસપોર્ટ' ની જુદી જુદી વ્યાખ્યાઓ અને આ કાયદા હેઠળ અપાયેલી વ્યાખ્યા વિરૂધ્ધના પરિપત્રોને કારણે એકસપોર્ટ કરનાર વ્યાપારીઓને વિવાદો સહન કરવાનાપ પ્રસંગો ઉભા થાય છે. અને જ શબ્દ અને એક જ પ્રવૃતિની વિસંગ જોગવાઈઓને કારણે ઉદભવતા પ્રશ્નો અને વિવાદોનું કાયમી નિરાકરણ લાવવું જરૂરી છે.


## Membership Renewal

MEMBERSHIP RENEWAL BEFORE MARCH 31, 2024

| Category | 1 Year Fee + GST | 2 Year Fee + GST (2022-23, 2023-24) | Life Time Fee (20 Years) |
|---|---|---|---|
| Individual / Firm /LLP / Pvt. Ltd. / Association | 1180/- | 2360/- | 23600/- |
| Limited Company | 2360/- | 4720/- | 23600/- |

Membership Renewal by Cash / Cheque in favour of **"Rajkot Chamber of Commerce & Industry"** you can also payment though online.

Bank Details are as under :

Name : Rajkot Chamber of Commerce & Industry

Bank Name : Rajkot Nagrik Sahkari Bank Ltd.

Branch : Bhupendra Road, Rajkot

Current A/C No : 019003800001560

IFSC Code : RNSB0000001

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧
ફોન નં. : ૨૨૨૭૪૦૦, ૨૨૨૭૫૦૦, ફેક્સ નં. : ૦૨૮૧ – ૨૨૩૦૮૨૪

## સભ્યપદ માટેનું અરજી ફોર્મ

માનદ્ મંત્રીશ્રી, તારીખ :
રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી,
રાજકોટ.

હું/અમો આથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય થવા અરજી કરૂં છું/કરીએ છીએ. મારી/અમારી/ઓફિસ/દુકાન/ફેક્ટરી/એસોસીએશન રાજકોટમાં હોવાથી મને/અમોને સભ્ય તરીકે નોંધશો. ચેમ્બરનું બંધારણ જે અત્યારે અમલમાં છે અથવા જે ભવિષ્યમાં વખતો વખત અમલમાં હોય તેને અનુસરવા અને તે મુજબ વર્તન કરવા હું /અમો બંધાઉ છું/બંધાઈએ છીએ.

(૧) અરજી કરનાર પેઢીનું નામ :

(૨) અરજી કરનારનો દરજ્જો : વ્યકિત/પ્રોપ્રાઈટર ☐ સંયુકત હિન્દુ કુટુંબ ☐ ભાગીદારી પેઢી ☐
☐ પ્રાઈવેટ/પબ્લીક લીમીટેડ કંપની ☐ એસોસીએશનની સંસ્થા
(નોંધ : જે લાગુ પડતુ હોય તેની સામે ના ખાનામાં ☑ નિશાની કરવી)

(૩) અરજી કરનારનું સરનામું :
અ)ઓફિસ/ફેક્ટરીનું સરનામું :

ફોન નં. :
મોબાઈલ નં. :
ફેક્સ નં. :
ઈ–મેઈલ :
વેબસાઈટ :

બ) ધંધાનો પ્રકાર :

ક) રહેઠાણનું સરનામું :

ફોન નં. :
મોબાઈલ નં. :

(૪) અરજી કરનારની રાષ્ટ્રીયતા :

(૫) અધિકૃત પ્રતિનિધિઓના નામ :

| | |
|---|---|
| ૧ | શ્રી, |
| | હોદો : મો : |
| ૨ | શ્રી, |
| | હોદો : મો : |

**નોંધ :**

(૧) માલિક (પ્રોપ્રાઈટર) ના કિસ્સામાં માલિક પોતે ઉપરાંત માલિકનાં નજીકનાં કાયદાકિય બ્લડ રીલેશન ધરાવતી એક વ્યકિત કે જે માલિકના ધંધામાં સીધી રીતે સંકળાયેલ હોય તેમજ વ્યકિત તરીકે સભ્ય બનવા લાયક હોય તેવી વ્યકિતને બીજા અધિકૃત પ્રતિનિધિ તરીકે નોંધાવી શકાશે. જે અંગે માલિકે અલગ પત્રથી એકરાર નામું આપવું પડશે. ઉપરાંત ભાગીદારી પેઢીમાં કોઈપણ બે ભાગીદાર અને પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં, પબ્લિક લીમીટેડ કંપનીમાં, એસોસીએશનનાં વધુમાં વધુ બે પ્રતિનિધિના (અધિકૃત) નામ આપી શકાશે.

(૨) ચેમ્બર તરફથી દરેક સભ્યને ઓળખકાર્ડ આપવામાં આવે છે. આ ઓળખકાર્ડ માટે નોંધાયેલ અધિકૃત પ્રતિનિધિના <u>૨×૨ સે.મી. (પોસ્ટ સ્ટેમ્પ સાઈઝ)</u> ના કલર ફોટોગ્રાફ અરજી ફોર્મ સાથે જ આપવાના રહેશે. ફોટા સાઈઝમાં કે અન્ય વિગતમાં કારોબારી સમિતિ ફેરફાર કરી શકશે.

(પાછળ જુઓ – ૨)

(૬) શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ :
એકટ નીચે રજિ. નંબર/તારીખ

(૭) ફકેટરી એકટ નીચે લાયસન્સ નંબર
તથા એસ.એસ.આઈ. નંબર :

(૮) ભાગીદારી પેઢી/પ્રાઈવેટ લીમીટેડ
કંપની, લીમીટેડ કંપની,
એસોસીએશન તેમજ વ્યવસાયીઓ
માટે અધિકૃત રજીસ્ટર નંબર
આનુષાંગિક વિગત સાથે :

(૯) સેલટેક્ષ/ટીન/જી.એસ.ટી. નં.:
s#<5[H OM8FJF / ]

(૧૦) ઈન્કમટેક્ષ પરમેનન્ટ
એકાઉન્ટ નંબર (PAN) :

(૧૧) અન્ય :

ઉપરોકત માંથી ગમેતે ત્રણ પ્રુફની નકલ આપવી જરૂરી છે. (ભાગીદારી પેઢીમાં ભાગીદારી કરાર અચુક આપવો)
હું / અમે આ સાથે દાખલ ફી રૂા.................................... તથા લવાજમના રૂા................. મળી કુલ રૂા................
નો ચેક / રોકડા મોકલું છું / મોકલીએ છીએ (ચેકની વિગત ..................................................)

ઉપરની અરજીમાં જણાવેલ તમામ વિગતો મારા/અમારા જાણવા તથા માનવા મુજબ સત્ય છે. જેની ખાતરી આપું છું/આપીએ છીએ.

દરખાસ્ત મૂકનાર ચેમ્બરના સભ્ય/પેઢીનું નામ સહી–સિક્કા સાથે

અરજદારનું નામ તથા સહી સિક્કા સાથે

અનુમોદન આપનાર ચેમ્બરના સભ્ય / પેઢીનું નામ સહી સિક્કા સાથે

Membership fee pay by Cash / Cheque in favour of "Rajkot Chamber of Commerce & Industry" you can also payment though online.

**Bank Details are as under :**

Name : Rajkot Chamber of Commerce & Industry
Bank Name : Rajkot Nagrik Sahkari Bank Ltd.
Branch : Bhupendra Road, Rajkot
Current A/C No : 019003800001560
IFSC Code : RNSB0000001

## ફકત ઓફિસ ઉપયોગ માટે

દાખલ ફી રૂા. ______ તથા લવાજમના રૂા. ______

મળી કુલ રૂા. ______ ચેક / રોકડા મલ્યા છે. પહોંચ નં. તારીખ ______

કારોબારી સમિતિની તા ______ ના રોજ મળેલ મિટીંગમાં સભ્યપદની અરજી મંજુર / નામંજુર કરવામાં આવી / પેન્ડીંગ રાખવામાં આવી.

પ્રમુખ / માનદ્ મંત્રી
રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

### દાખલ ફી તથા લવાજમની વિગત

| | હેડ | દાખલ ફી | | વાર્ષિક લવાજમ | | જી.એસ.ટી. | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વ્યકિત, પેઢી / પ્રાઈવેટ જોઈન્ટ સ્ટોક કંપની | ૧૦૦૦–૦૦ | + | ૧૦૦૦–૦૦ | + | ૩૬૦ | = | ૨૩૬૦ |
| ૨. | મહાજન(એસોસીએશન) / પબ્લીક જોઈન્ટ સ્ટોક કંપની | ૨૦૦૦–૦૦ | + | ૨૦૦૦–૦૦ | + | ૭૨૦ | = | ૪૭૨૦ |
| | લાઈફ ટાઈમ મેમ્બરશીપ | ૧૦૦૦–૦૦ | + | ૨૦૦૦૦–૦૦ | + | ૩૬૦૦ | = | ૨૪૭૮૦ |